# પાટણ પ્રતિબિંબ

વર્ષ ૮ • અંક ૯ • સળંગ અંક ૯૨ • મુંબઈ • જુલાઈ ૨૦૧૪ • પાના ૧૬ • છૂટક નકલ રૂા. ૨/–

• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

**શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર**



ટેલિફોન : 2281 1346 • ટેલિફેક્સ : 22811218 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com


## પ્રમુખસ્થાનેથી...

સ્નેહી સ્વજનો,
જય જિનેન્દ્ર!!

*પારિજાતમાં પ્રિતના સ્પંદનો પ્રગટયા,*
*પાલવ પલળ્યા અને નુપુર રણકયા;*
*આષાઢી આભલે શ્યામ વાદળ ગરજ્યા,*
*વર્ષાએ તનમન આરપાર ભીંજવ્યા!*

**વર્ષાના વધામણા :**

વર્ષાઋતુ આવી અને સૌના હૈયા હેલે ચઢયા. સર્જકોની વૃક્ષવીથિકામાંથી પસાર થતાં આપણાં તાપ-સંતાપ, શ્રમ-થાક સઘળુ વિરમી રહે છે. મોરલા હૃદયમાં ગુંજી રહે છે, કળા કરે છે, સમસ્ત વાતાવરણ અદ્દભુત અને અનન્ય લાગણી સર્જે છે. મનઅંતરના અંતરિક્ષમાં પ્રેમની ટસરો ફૂટે છે. જીવનયાત્રા પ્રશસ્ત અને પ્રકાશિત થાય છે, એવું લાગ્યા કરે છે. પ્રત્યેકના દિલમાં સત્વ-તત્વ, શીલ-સદાચાર પ્રતિ સહજ ઉદ્દભવ થાય છે. ત્યારે વરસાદની ભીની વાંછટ, માટીની સોડમ મનડાને તરબતર કરે છે. હૃદય આકાશની કૂંજમાં કોયલ કેકારવ કરે છે. પંખીઓ કલશોર કરે છે. વરસાદની બુંદનો સ્પર્શ અલૌકિક શાતા આપે છે અને આંતર ઉર્જાને જાગૃત કરે છે. ધરતીનો તાત અને પ્રેમી પંખીડા વર્ષાના ઓવારણા લે છે. ભૂલકાઓ ગાનમાં મસ્ત બની ડોલી ઉઠે છે. આવ રે વરસાદ, ઢેબરીયો પરસાદ, ઉની ઉની રોટલી ને કારેલાનું શાક. ઉછળતા સાગરની લહેરો મનોમસ્તિસ્કને તરબતર કરે છે. ચાલો વર્ષાના આગમનને વધાવીએ, ધર્મ અને આધ્યાત્મની છલકતી મોસમમાં મહાલીએ. સેવા, સાધના અને સહકારને અપનાવીએ.

**રાણકી વાવને વર્લ્ડ હેરીટેજનો દરજ્જો :**

પાટણની વર્ગ અને ગૌરવ સમી રાણકી વાવને યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેજનો દરજ્જો મળતા પાટણની પ્રજા અને સમસ્ત ગુજરાત આનંદના માહોલથી ઉભરી રહ્યુ છે. ભારતના હોનહાર **વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી** તથા **મુખ્ય પ્રધાન શ્રીમતી આનંદીબેન પટેલ** તથા ગુજરાતીઓને સહર્ષ હાર્દિક અભિનંદન. રાણકી વાવને મળેલ અદ્દભુત હેરિટેજનો દરજ્જો પાટણના સર્વાંગી વિકાસ માટે અભૂતપૂર્વ પુરવાર થશે તે નિ:શંક છે. અનન્ય દરજ્જાને અનુલક્ષીને કરવામાં આવનાર અનેક વ્યવસ્થાઓ સાથે પાટણની સળંગ ટ્રેનને પણ જો પ્રાથમિકતા આપવામાં આવશે તો તે ચોકકસ પણે આવકાર્ય બનશે અને સોનામાં સુગંધ ભળશે.

**પાટણ ખાતે કોલેજનો શુભારંભ :**

સંસ્થાના ૧૦૨ માં વર્ષમાં પાટણ ખાતે ફાટીપાળ દરવાજા બહાર શ્રી પાટણ જૈન મંડળ આર્ટસ, સાયન્સ અને કોમર્સ કોલેજની શુભ શરૂઆત થઈ ચૂકી છે. તા.૧૦-૦૭-૨૦૧૪ ના રોજ આર્ટસ તથા કોમર્સની કોલેજ ચાલુ થઈ ગઈ છે. જેમાં અનુક્રમે ૧૩૨ અને ૩૦ વિદ્યાર્થીઓ છે. જયારે સાયન્સ કોલેજ ઓગષ્ટ માસમાં ચાલુ થશે જેમાં ૧૨૦ વિદ્યાર્થીઓ મળશે.

**દાન ગંગાના પ્રવાહો :**

અતિથિગૃહ નૂતનીકરણ યોજના-૨૦૧૪ અંતર્ગત **શ્રી કુસુમચંદ્ર ડાહ્યાભાઈ શાહ** (કેશુશેઠનો પાડો) હસ્તે **શ્રીમતી પલ્લવીબેન શરદભાઈ શાહ** દ્વારા સંસ્થાને રૂા.૧,૫૦,૦૦૦/- પ્રાપ્ત થતાં સાભાર અનુમોદના કરીએ છીએ.

આ ઉપરાંત વખતજીની શેરી વાળા **શ્રી નેમચંદભાઈ મોહનલાલ શાહ**ની સ્મૃતિમાં તેમના સુપુત્ર **શ્રી વિનોદભાઈ નેમચંદ શાહે** મેડીકલ અને સીનીયર સીટીઝન કોરપસ ફંડ ખાતે રૂા.૧,૦૦,૦૦૦/- સંસ્થાને પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેમનો હાર્દિક આભાર માને છે. આ સિવાય અન્ય સખાવતો આપનાર દાતાઓનો પણ આભાર માનવામાં આવે છે.

**સંજોગના સમીકરણો :**

સ્વાર્થના ત્રાજવે સગપણના વજનની અપેક્ષા કેવી રીતે રાખી શકાય. શૈશવના સંઘરાયેલ સંસ્કાર લાગણીઓના સંવેદન સાચવવા સક્ષમ હોય

## રાણકીવાવ યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેજ યાદીમાં

છે. પરંતુ ક્યારેય બહેકી ગયેલ યુવાની સંસ્કારોને પણ લજવે છે. ભીંત અને કરો ક્યારેય એક સાથે છિન્નભિન્ન થતાં નથી કે નેસ્તનાબુદ થતા નથી. બે પેઢી વચ્ચેનો સમન્વય ક્યારેક અયોગ્ય પાત્ર પ્રશ્નાર્થ ઉપસ્થિત કરે છે. ઉઘાડે છોગે બેશરમીને બહેકાવે છે. આ સમય સંજોગ અને સમિકરણો આમન્યાના લીરા ઉડાડે છે. એક ડબલ રૂમમાં પાંગરેલી અદ્યતનશાહીની હયાતી ચાલીસી અને વીસીની વિચારધારાનું ઘર્ષણ સતત રહ્યા કરવાનું. જીવનભર કર્તવ્ય નિભાવી ચૂકેલા મા-બાપને માન સન્માનનો હકક ખરો કે નહીં. સમજ શકિતને લાચારીનું નામ આપીશું કે સમજદારીનું ? આભાર...!

**પ્રમુખ અને મેનેજીંગ ટ્રસ્ટી**
**શ્રી પાટણ જૈન મંડળ**

**પાટણ સમાજનું ઓનલાઈન વસતીપત્રક**

પાટણ જૈન સમાજના કોમ્પ્યુટરાઈઝ ઓનલાઈન વસતીપત્રકમાં સભ્યના વિવાહિક કક્ષામાં, ફોન નંબર, આગંતુક પુત્રવધૂ કે દીકરીના લગ્ન થવાથી કે કોઈ સભ્યનું અવસાન થવાથી, કુટુંબના સભ્યોમાં થયેલ ફેરફાર સંસ્થાના કાર્યાલયમાં લેખીતમાં જણાવવાથી તેમાં ફેરફાર, સુધારો કે વધારો થઈ શકશે.

## *Interest Free Loan in US $ for Higher Education*

- ***Mr. Nitinbhai Jayantilal Shah and Mrs . Meena Nitin Shah Chicago, USA has agreed to become SponsorMentors for one Patani Student Studying in India and planning to pursue Post Graduation study in USA.***
- ***SponsorMentor** will provide **interest free repayable loan upto US $ 20,000 per year** for two years **(total upto US $ 40,000)** to the student*

**Eligible Students may Contact**

***Jimmyben Tarang Shah** 9820969910*

***Amitbhai Sevantilal Shah** 9820048992*

***Rajkumar Navinchandra Shah** 9819079995*

***Shree Patan Jain Mandal***

*77, Patan Jain Mandal Marg, Gr. Flr.,*
*Marine Drive, Mumbai 400020*

*E-mail: patanmandal@gmail.com*


**PATAN CO-OPERATIVE BANK LIMITED**

RASIK NIWAS, PATAN JAIN MANDAL MARG,
MARINE DRIVE, MUMBAI – 400 020.
TEL.: 22815290/22817444/22819403 FAX : 22816513.

**NOTICE TO MEMBERS**

The 33rd Annual General Meeting of the members of **THE PATAN CO-OPERATIVE BANK LTD.** will be held on 5th September 2014, Friday at 3.00 p.m. at Patan Jain Mandal Hall, Patan Jain Mandal Marg, Marine Drive , Mumbai – 400 020 for the transaction of the following business. Your presence therefore is highly solicited.

**A G E N D A**

1. To read and confirm minutes of the 32nd Annual Meeting held on 27th September 2013;
2. To review and approve the following proposals :-
   i. Annual Report for the year 2013-14;
   ii. Profit and Loss account for the year ended on 31st March 2014;
   iii. Balance-sheet of the year ended on 31st March 2014;
3. To consider the report of Statutory Auditor – M/s. Vaishampayan & Padhye, for financial year 2013-14;
4. To appropriate net profit and declare dividend for the year ended 31st March 2014, as proposed by Board of Directors;
5. To approve the Annual Budget for the year 2014-15;
6. To appoint Internal/Concurrent Auditor and Statutory Auditor for the year 2014-15 and authorize Board to fix their remuneration;
7. Any other matter with the permission of the Chair.

**# Dividend will be payable only through standing instruction (account with our Bank) or ECS (account with other Bank).**
**# No physical dividend warrant will be issued.**
**# The members are requested to submit standing instruction or ECS mandate at the earliest.**

**BY ORDER OF THE BOARD OF DIRECTORS**
**Sd/-**
**S.V. BHUTA**
**Date : 25th July 2014. CHIEF EXECUTIVE OFFICER**

**IMPORTANT NOTE TO MEMBERS :**

1. Members desire to receive annual report copy are requested to contact any of branch or provide your email I.D. for receiving the annual report by e-mail.
2. This notice should be treated as notice to individual member.
3. If there is no quorum within half an hour after the appointed time, the meeting shall stand adjourned to 3.30 p.m. on the same day and same venue and the agenda of the meeting shall be transacted irrespective of the quorum.
4. Members wishing to offer any suggestion at the Annual General Meeting or ask any question pertaining to the annual report and accounts are requested to write to the Bank atleast 7 days before meeting date i.e. on or before 28th August 2014.
5. Members are requested to intimate any change in name of nominee, office and residential address, status etc. so as to keep our records up to date.
6. Members are requested to collect their dividend for the previous three years, if not collected, to avoid its forfeiture.

advt

# તંત્રીસ્થાનેથી...

## શ્રધ્ધા – શ્વાસ – વિશ્વાસ

*હર ગઝલ રૂપે જિવાતી જિંદગીની વાત છે,*
*સર્વ સુખ દુ:ખથી ભરી દીવાનગીની વાત છે.*
*માત્ર બુધ્ધિથી સમજવા આમ ફાંફાં માર નહીં,*
*આંખ મીંચી જો જરી આ બંદગીની વાત છે!*

**હર્ષ બ્રહ્મભટ્ટ**

**નિયતિ અને આયુષ્ય :**

માણસ કાં તો ભૂતકાળને વાગોળે છે અથવા ભવિષ્યમાં આળોટે છે. નજીકના ને અવગણે છે અને પારકાને પોતીકા કરવામાં મનોરથ સેવે છે. આ જ કારણે તે પોતાનાથી અને પોતીકાથી દૂરને દૂર થતો જાય છે. **આપણે જો ઝાંઝવાના જળમાં જાળ નાખીએ તો જળ ઝીલાતું નથી.** પુલ પરથી પસાર થવાય, ઘર ન બંધાય. આશે કે અનાયાસે સૌએ મૃત્યુનો ન્યાય કે વધુ લાંબી જિંદગીનો અન્યાય સ્વીકારવો જ પડે છે. ફકત સમયની વાત છે. **જન્મ તો ઈશ્વરદત્ત સોગાદ છે.** આપણે કયાં આપણું સર્જન કર્યુ છે ? આપણે છીએ એ જ મોટો ચમત્કાર છે. **જિંદગીમાં કંઈપણ જો નિશ્ચિત હોય તો તે અનિશ્ચિત છે.** મૃત્યુ વિશે જો થોડી સભાનતા રાખીએ તો જીવન કદાચ વધુ ઉત્કટ પણે જાણી અને માણી શકાય. મૃત્યુની નિયતિની સ્વીકૃતિ એ જો મનુષ્યની પ્રકૃતિ થાય તો જીવનરસને ભરપૂર માણી શકે. પુષ્પ પર પતંગિયું બેસી ફૂલના રસને માણે છે ત્યારે પુષ્પને તેના આયખાની કયાં ખબર હોય છે. તેના અંતરતલમાં કરમાઈ જવાની નિયતિ પલાંઠી વાળીને બેઠી છે. આપણે તો માનવી છીએ અનિશ્ચિત આયુષ્યવાળા, તો જે જિંદગી આપણને મળી છે તે બદલ ઈશ્વરનો આભાર તો માનીએ!

**ભવિષ્યના ગર્ભમાં કોઈ અર્થ વસતો કે શ્વસતો નથી.** આપણે આ ઘડીને અર્થપૂર્ણ બનાવી કોઈક પરિમાણ ન આપી શકીએ, પરંતુ આપણે તો અલ્પવિશ્વાસના માણસો છીએ. આપણી સારસર્વસ્વ જ બધું છે. આપણે સભારંજની બની ગયા છીએ. દરેક વ્યકિતને પોતાના હું પદને, પોતાના અહમને પંપાળે એવો અનુકૂળ અર્થ ખપે છે, એને અનુરૂપ સંદર્ભો અને સમીકરણો જોઈએ છે. સમયનું કામ છે સરી જવાનું, કાળની ગતિ અકળ છે. સમય ભલભલાને બદલી નાખે છે, સમયને કોઈ બદલી શકતું નથી. જીવન છે પણ કોઈ જીવંત નથી. ગતિ, પ્રગતિ, અવગતિ અને અધોગતિ બધા માટે માણસ પોતે જ પોતાને છેતરે છે. **વાસ્તવમાં જયાં આપણો અધિકાર આપણાં પર નથી હોતો ત્યાં પરિસ્થિતિ પર કેવી રીતે હોઈ શકે ?**

**શ્રધ્ધાની શકિત અશકયને શકય બનાવે છે. તેજ અને તિમિર સાથે ન હોઈ શકે તેમ શંકા અને શ્રધ્ધા સાથે ન રહી શકે.** વિશ્વાસથી જ વિસ્મયને શ્રધ્ધામાં ફેરવી શકાય. અજ્ઞાનરૂપી અંધકાર ભીતરમાં ભર્યો હોય ત્યારે જ્ઞાનરૂપી તેજ ઝળાહળા થાય તો ભીતરના અંધકારને પણ ભાગવું પડે. અંધકાર વિના પ્રકાશનું મહત્વ સમજાતું નથી. પ્રકાશ મેળવવા અંધકાર સાથે અને જ્ઞાન પ્રાપ્ત કરવા અજ્ઞાન સામે સંઘર્ષ કરવો પડે છે. જ્ઞાન અને અજ્ઞાન વચ્ચે સુક્ષ્મ રેખા છે. પ્રકાશનો પ્રદેશ આંખ છે પણ આંખ પરની પાંપણ કાળી હોવાથી અંધકારનું પ્રતિક બને છે. તિમિરની કોખમાંથી તેજ જન્મે છે, જે સ્વયં પ્રકાશિત હોવાને કારણે સામાવાળાને તેજ આપી શાન વધારે છે. આપણને અખિલાઈમાં ઓગળી જઈએ તે જ જીવનની સાર્થકતા છે. **તેજ સૂર્યનું હોય છે ને ચંદ્રનું પણ હોય છે. એક દઝાડી શકે છે ને બીજું શીતળતા આપે છે.** આંતર ચેતનમાં જીવન પ્રત્યેની સાચી સમજણ હોવી જઈએ. આંખ ઉઘાડી હોય કે સ્થિતિ સમાધાની હોય પણ ગમે તે સ્થિતિમાં **મન અને મતિનો મેળ થાય તો ગતિ પોતે સદ્ગતિ બની જાય છે.** જીવનમાં ઘણાંને ખાલીપો લાગે છે પણ અંદરથી અને અંતરથી સભર હોય તો ખાલીપાને ભરી શકે છે. **સળગતા સવાલો અને દઝાડતી સમસ્યાઓની વચ્ચે માણસ સંવરતો રહે તો અધૂરી છબીને પૂર્ણ કરી શકે છે.**

**શ્રધ્ધા - વિશ્વાસ :**

વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી** 'સાક્ષીભાવ'માં લખે છે કે, **'આપણાં સહુની ભીતર એક તદ્દન સામાન્ય-સહજ માનવ વસતો હોય છે, જે પ્રકૃતિદત્ત સકારાત્મક અને નકારાત્મક આવિર્ભાવથી પર નથી હોતો. ગુણ-અવગુણ, ઈચ્છા-અનિચ્છા, તૃષ્ણા-તૃપ્તિ, અનુરાગ-વિતરાગ, ભાવ-અભાવ, લાગણી-ઉર્મિ, વેદના-સંવેદના, ગમા-અણગમા, અપેક્ષા-આકાંક્ષા તેનાથી કોઈ પર નથી હોતું.'**

જાણીતા સાહિત્યકાર-ચિંતક **શ્રી ગુણવંત શાહ**ના મત મુજબ **ઉપેક્ષિત પથ્થર વજન વગરનો હોતો નથી. સાંસ્કૃતિક ગુરૂત્વાકર્ષણ એ સામાન્ય માણસની સંપત્તિ છે.** જેમ સમાધિની અવસ્થા નિઃશબ્દ મૌનનું વરદાન બનીને આવે છે, એમ જ ધ્યાન-યોગની અવસ્થા પણ આપણને આત્મનિમજ્જન બનાવે છે. આવી ધ્યાન-યોગની ક્ષણો જેટલી લંબાય તેટલી નૈસર્ગિક ઉર્જા માનવીની ભીતર ભરાતી જાય છે.

**વિનોબા ભાવે કહેતા કે, વિચાર ક્રાંતિનું વરદાન આધુનિક માનવ સમાજમાં મહાબાહુનું કાર્ય કરે છે. હતાશામાં યુવાનો તેમની વ્યથા જો કાગળ ઉપર ઉતારે તો તેમના જીવનની દશા અને દિશા બદલાઈ જાય છે.** આ પ્રેરણા જ તેમને સમર્પણ ભાવ તરફ પ્રયાણ કરાવે છે. ૨૦ મી સદીના પ્રતિષ્ઠિત અમેરિકન **સાહિત્યકાર અર્નેસ્ટ હેમિંગ્વે** કહે છે કે, તમને તમારી જાત ઉપર વિશ્વાસ હોય એના જેવું કોઈ સુખ નથી અને આત્મવિશ્વાસની ગેરહાજરી જેવું કોઈ દુઃખ નથી. આત્મવિશ્વાસ હોય તો દુનિયા તમારા નકશે કદમ પર ચાલવાની જ છે.

**મહાન રાજનીતિજ્ઞ ચાણકય** પણ કહે છે - માણસ જયારે વિશ્વાસ ગુમાવે છે, ત્યારે સઘળું ગુમાવે છે. પરંતુ માણસ પાસે વિશ્વાસનો અખુટ ભંડાર હોય છે, ત્યારે તે તમામ ઈચ્છીત ફળ પ્રાપ્ત કરી શકે છે. **વિશ્વાસ સમર્થ માનવીનું આભૂષણ છે.**

તમારી આસપાસ જેવું વાતાવરણ ઉભું કરવામાં આવે છે, એનાથી તમારું મન પ્રભાવિત થાય છે. હકારાત્મક ઉર્જા મળે તો મનનો ઝુકાવ એ તરફ હશે અને નકારાત્મક ઉર્જા મળે તો મનનો પ્રતિસાદ પણ નકારાત્મક જ આવે. આપણું આંતરમન અલાઉદ્દીનના જાદુઈ ચિરાગમાંના જીન જેવું છે. તમે જેવો આદેશ આપો બરાબર એવું જ એ પરિણામ આપે છે.

ઉઘાડે છોગે પ્રેમ કે લાગણીનો એકરાર ન કરી શકનારની મનોવ્યથા ઘનિષ્ઠ હોઈ શકે છે. કોણ કહે છે કે તાત રડતા નથી, ફરક માત્ર એટલો જ છે કે એમના આંસુ પ્રગટ પણે દેખાતા નથી, એમની અંદર અસ્ફૂટ બનીને ઝરતા રહે છે. આપણાં જીવનની જયોતિ મીણની માફક ધીરે ધીરે પ્રકાશ ફેલાવતી બુઝાઈ જાય છે. તેને નિર્વાણ કહે છે. તેની માફક જ જીવનને પરમમાં પીગળાવવું એ મોક્ષ છે. એક આશ્રિત પોતાના બુદ્ધ પુરૂષમાં પોતાની જાતને ખોઈ નાખે તે મોક્ષ છે. ખરા શબ્દોમાં તે આંતરિક પરિવર્તનનું નામ છે. દરેકની હસ્તી પરમાત્માની અવિભાજિત કૃતિ છે, જે આત્મીય રથની ચેતનાના પથ પર ગતિમાન રહે છે. આંતરચક્ષુના તેજસ્વી લોચન લયનું ચિંતન અને ચેતનાનો પ્રકાશ ચૈતન્યને વિદ્યમાન કરાવે છે. શુધ્ધિની વૃધ્ધિમાં બ્રહ્મ સ્વરૂપની વિસ્તૃતિ પ્રગટે અને વૃધ્ધિની સમૃધ્ધિ રૂપે દિવ્ય ગુણોની પ્રીત છલકે. **આપણે સર્વે નામ વિનાના, સરનામા વગરના પરબીડિયા જેવા છીએ. જિંદગી વર્તમાનની અનંત ક્ષણ છે. જિંદગી સુક્ષ્મદર્શક કાચની નીચે દેખાતી વર્તમાનની ક્ષણની જેમ વિસ્તીર્ણ બની જાય છે.** સામાન્ય માણસને માટે સુખ એ બાહ્ય વસ્તુઓ અથવા સંબધો છે. પત્ની, સંપત્તિ, હોદ્દો કે પ્રતિષ્ઠા, સંતાનો, મિત્રો, ઘર, શોપીંગ, પ્રવાસ અને પાર્ટી ઉમેરાય છે. સુખમાં ભેળસેળ શરૂ થઈ જાય છે. રોમન **ફિલસુફ સેનેકા**એ લખ્યુ છે, **અભણ માણસનો અવકાશ એ જીવંત કબ્રસ્તાન છે.** મજા એ સુખનો એક અંશ માત્ર છે પણ સુખ એ ખરેખર મજા છે. **જર્મન ફિલસુફ શોપેનહાવર**ના મતે પ્રથમ મજા આંતરિક ઉર્જામાંથી આવે છે. ખાવું પીવું, આરામ, ઉંઘ પછી સ્નાયુઓની ઉર્જાના પ્લેઝર્સ આવે છે.

**❑ સંપાદક સમિતિ**

# TO LEAD CHANGE YOU NEED A NEW MIND

**❑ TALK : J. KRISHNAMURTY**

The companions, the relationships, the work, the ideas, and the beliefs and the dogmas that we hold have produced a monstrous world, a world of conflict, misery, and perpetual sorrow. We accept it as normal condition, we put up with it day after day; we never inquire into the necessity, the urgency of a revolution that is neither economical nor political but much more fundamental.

No inquiry is ever possible when the mind is tethered to any kind of dogma, tradition or belief. The difficulty is not that we are not capable of inquiring, not that we are incapable of investigating, but we are apparently totally incapable of letting things go, putting things aside and therefore with a fresh mind, with a young, innocent mind, looking at the world and all the appalling things that are taking place in it.

Only when you can destroy completely everything that you have held sacred or right or virtuous that you can find out what is truth.

If one has observed sufficiently the things that are happening – not only mechanically, technically, but also in our relationships between people – when one observes that progress throughout the world is denying freedom, the strength of society in which the individual has completely ceased to be, and how nationalities are dividing themselves more and more, one will see that some kind of deep revolt must come about.

Society controls our minds, shapes our hearts, our actions, whether you live in a communist, Hindu or Christian world. Society with its structure shapes the mind of every human being, consciously or unconsciously. The culture in which we live – the traditions, religions, politics and education–past and present, shapes our thought. And to bring about a complete revolution–a crisis in consciousness– you must question the structure of society.

We are concerned with bringing about a different action, mind, a different entity as a human being; and to go into that profoundly, we must not be slaves to words.

Society is relationship. And that social structure, as it is now, is based on ambition, greed, envy, seeking power, position, prestige, and all the things that man has set up as being extraordinarily significant in life. That is the actual fact – not your gods, not the Gita, not your guru, not your saints and saviours, but the daily life in which you are, which is your ambition, your greed, your envy, your pursuit of power and wealth and position which you want. And, without altering that radically, without breaking down the whole system, you cannot have a religious revolution.

A religious revolution is not concerned with reaction at all. It is concerned with dealing with a fact and destroying that fact; that is, being aware that our relationship, our social structure is based on this extraordinary sense of values – on ambition, greed, envy – and destroying that completely in ourselves, to tally, wholly eradicating it. That is the beginning of a religious revolution – not the pursuit of an idea, which you call God.

You need a new mind because a new world has to be created – not by politicians, but by you and me who are just ordinary average persons, because it is we that have to change completely, it is we that have to being about a mutation in our minds and hearts.

It is only when the mind is completely quiet, free of conflict – it is only then that the mind can go very far into the realms that are beyond time, thought and feeling. ❑❑❑

## પાટણના જિનાલયો અને
## પ્રભુ ભકિત અભિયાન

શ્રી મરીન ડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટના નેજા હેઠળ પાટણના મોવડીઓ વિવિધ દેરાસરના ટ્રસ્ટીઓ અને કાર્યકર્તાઓનું એક મિલન રવિવાર, તા.૨૨-૦૬-૨૦૧૪ ના પાટણ જૈન મંડળના હોલમાં પાટણના જ પનોતા પુત્ર પૂજ્ય પાદ પંન્યાસપ્રવર**શ્રી મેઘદર્શન વિજયજી મ.સાહેબ**ની નિશ્રામાં યોજાયું. જેમાં જુદા જુદા મહોલ્લાના ૧૦૦ થી વધારે શ્રેષ્ઠીઓએ ઉમળકાભેર લાભ લીધો હતો. પૂજ્ય ગુરૂદેવશ્રીએ પાટણના જિનાલયો અંગેની આપણા સૌની જ વેદના - વ્યથાને વાચા આપીને, તે માટે કંઈક નકકર કરવાની હૃદયસ્પર્શી પ્રેરણા કરી હતી, જેને ઝીલીને સમય આપી કાર્ય કરવાની મહાનુભાવોએ તૈયારી બતાવી હતી.

ઉકત સભામાં દરેક મહોલ્લાઓના દેરાસરો અંગેની તેમજ તેની વહીવટીય વિગતો મેળવવા માટે ફોર્મ તૈયાર કરવામાં આવ્યું હતું. જે ત્યાં હાજર દેરાસરોના ટ્રસ્ટીઓ વિગતો ભરી આપેલ તેમ છતાં ઘણાં મહોલ્લાઓના ફોર્મ ભરાઈને આવ્યા નથી. તેઓને સત્વરે ભરી મોકલવા નમ્ર વિનંતી છે. ફોર્મ મેળવવા મરીન ડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટના શ્રી કમલેશભાઈ નગરશેઠનો મોબાઈલ નં. ૯૮૨૦૦ ૪૫૫૯૫ ઉપર સંપર્ક કરવા વિનંતી.

પાટણનું ગૌરવ વધારવા માટે સમય આપવાની તૈયારી વાળા ભાઈઓ હજુ પણ તેમાં જોડાઈ શકે છે. પાટણ જિનાલય પ્રભુ ભકિત અભિયાન દ્વારા પાટણનું ગૌરવ વધારવાનું કાર્ય સૌએ સાથે મળીને કરવાનું નકકી કરવામાં આવ્યું. જે તે મહોલ્લાના જિનાલયો વગેરેનો સુંદર વહીવટ હાલના વહીવટકર્તાઓ-ટ્રસ્ટીઓ કરી જ રહ્યા છે. તેમને ડીસ્ટર્બ કર્યા વિના તેમની સંમતિ હોય તે પ્રમાણે જયાં જયાં જરૂરી હોય ત્યાં **પાટણ જિનાલય પ્રભુભકિત અભિયાન** સહાયક બનશે, પૂરક બનશે.

રવિવાર, તા.૧૩-૦૭-૨૦૧૪ આ કાર્યકારી સમિતિની મીટીંગ પૂજયપાદ ગુરૂદેવશ્રીની નિશ્રામાં મળી હતી. જેમાં પાટણના ગૌરવને વધારવા માટેના અનેક ઉપાયો વિચારાયા હતા. સમયે સમયે અનુકૂળતા પ્રમાણે તેનો અમલ કરાશે.

પાટણના વિસ્તાર પ્રમાણે પાંચેક વિભાગો કરીને તેના મહોલ્લાની વિશેષ વિગતો એકઠી કરવાની જવાબદારી કેટલાક ભાઈઓએ લીધી છે, તેમને સહકાર આપવા વિનંતી. પાટણના તમામ જિનાલયોના શુધ્ધિકરણનો બે દિવસનો કાર્યક્રમ ટૂંક સમયમાં ગોઠવવાનું નકકી કરેલ છે. દિવસ નકકી થયે જાણ કરાશે. તમામ મહોલ્લાના ટ્રસ્ટી મંડળને જિનાલય શુધ્ધિકરણ અભિયાનમાં જોડાવા વિનંતી છે. શુધ્ધિકરણનો ઉદારતાથી લાભ લેવાની ભાવના અનેક મહાનુભાવો દ્વારા વ્યકત કરાઈ છે. જે બે દિવસનો શુધ્ધિકરણનો કાર્યક્રમ નકકી થાય તેમાં તમામ પુણ્યશાળીઓને પાટણ પધારીને સહકાર આપવા વિનંતી.

ચાલો... આપણે સૌ ભેગા થઈએ. હળીમળીને એમબીજાને પૂર્ણ સહકાર આપીને પાટણના ગર્વ અને ગૌરવને વધારીએ. આ અભિયાનમાં સેવા-સંપત્તિ આપવાની ભાવનાવાળાઓને ગોવાલિયા ટેન્ક ઉપાશ્રયમાં પૂજય ગુરૂદેવનો સંપર્ક કરવા વિનંતી.

**❑ પાટણ જિનાલય પ્રભુભકિત અભિયાન સમિતિ**

## સ્વનો સ્વર કયાં ?

સ્વ નો વિચાર કયારેય કર્યો નહિ,
વહાલાઓને બહુ કર્યું વહાલ;
કયાં છે પહોંચ ને પ્રતિષ્ઠા મારી,
શોધી રહ્યો છું ખુદ સ્વ ના સ્વરને !

હું સતત ને અવિરત વ્યસ્ત છું,
મારા નભનો નમતો સૂર્યાસ્ત છું;
અદ્રશ્ય કોઈ ભૂખ્યા વરૂની જેમ,
આમ જ મારો પીછો કરી રહ્યો છે !

કદાચ મારો જ ડર હોઈ શકે,
મને વળી ડર શાનો અને કોનો ?
આવો જ ક્ષણિક–ગર્ભિત વિચાર–
નિર્ભયતાનો પ્રયાસ તો નથી ને ?

શું ખરેખર આવું કશું જ નથી ?
તો સ્વના સ્વર તાણી ફીકર શાને ?
કયાંક હું કોઈના વશમાં તો નથી ?
તો પરવશ બની જીવવું શા માટે ?

કોઈકના ટુંપવાના પ્રયાસને,
ભયભીત થઈને પંપાળું શાને ?
સ્વમાન ખાતર તેમના સ્વાર્થને–
નખશીખ અવશ્ય પડકારીશ.

ખંધા વાંઝિયા પ્રયાસો પાસે પણ,
સંભળાતો નથી પોતીકો સ્વ સ્વર;
સૌ કોઈ આમ જ વલખા મારે છે–
પોતાના સ્વર અને સંચાર માટે !

સ્વતંત્ર વિચાર ને સ્વૈરવિહાર,
આપણે સૌ ખોઈ બેઠા તો નથીને ?
ચાલો ડગ માંડીએ અભય બની,
મંઝિલ ખુદ મળશે કેડી બની !

**મ. ને.**


**MATRIMONIAL**

**NAME : MIHIR MITUKUMAR SHAH**
FATHER : MITU HARSUKHLAL SHAH
MOTHER : DINA MITU SHAH
D O B : 4-06-1987
HEIGHT : 6'-3" ; PATAN : TAMBOLIWADO;
MUMBAI :SIMLA HOUSE
CONTACT : 9892895102 ADVT

## શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત

# શ્રી બી.ડી.એસ. વિદ્યાલય, પાટણ : શાળાનો પ્રગતિ અહેવાલ

સરસ્વતીના ધામ પાટણ શહેરના ફાટીપાળ દરવાજા બહાર શાંત અને સુરમ્ય વાતાવરણમાં વિશાળ સુંદર શૈક્ષણિક સંકુલ મંડળ દ્વારા આકાર પામેલ છે. **શ્રી પાટણ જૈન મંડળ**ના કાર્યકરોની નિષ્ઠા અને નિઃસ્વાર્થ સેવાભાવથી **શ્રી પાટણ જૈન મંડળ** સંચાલિત આપણી **શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય** તેની ઉજજવળ શૈક્ષણિક સિધ્ધિઓ મેળવતું રહ્યું છે. વર્ષો જુની સંસ્થા અને શાળાની સારી પ્રણાલીઓ જાળવી રાખી બદલાતા સમય અને સંજોગોમાં સારૂ શિક્ષણ આપવામાં શાળા અગ્રેસર રહી છે. શિક્ષણની સાથે સાથે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે શાળાની ઈતર પ્રવૃત્તિઓએ શાળાની આ પ્રતિભાને જાગૃત કરવા શાળાના આચાર્યશ્રીની સતત મહેનત, ચિંતન અને નિષ્ઠા તથા કર્મચારી ગણનો કાર્ય પ્રત્યે નોંધપાત્ર ફાળો રહ્યો છે.

દરેક વિષયના શિક્ષણ માટે પર્યાપ્ત લાયકાત ધરાવતા અનુભવી શિક્ષકો છે. વિવિધ વિષયોના પુસ્તકો અને અમૂલ્ય ગ્રંથો ધરાવતું સમૃધ્ધ ગ્રંથાલય ઉપલબ્ધ છે.

આ વિદ્યાસંકુલમાં સુરમ્ય બાલવાટિકા-સિનીયર કે.જી., જુનિયર કે.જી. થી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષણ સુવિધાઓ ઉપલબ્ધ છે. (પ્લે ગ્રુપ, ધો.૧ થી ૮, ધો.૧૦ અને ધો.૧૧ તેમજ ધો.૧૨ માં સાયન્સ, કોમર્સ તેમજ આર્ટના શિક્ષણની સુવિધા છે.)

શાળાના વિદ્યાર્થીઓ રાજયકક્ષા સુધી બાસ્કેટ બોલ, વોલીબોલ જેવી રમતો તેમજ નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, રાખડી સ્પર્ધા, મહેંદી સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા જેવી અન્ય સ્પર્ધાઓ સ્કાઉટ એન્ડ ગાઈડ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ જેવી કે રાસ-ગરબા, વિજ્ઞાન કવીઝ, ગણિત કવીઝ અને વિજ્ઞાન મેળામાં વિવિધ સ્તરેથી વિજેતા બની શાળાને ગૌરવ અપાવ્યું છે. શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આધુનિક યુગને અનુરૂપ કોમ્પ્યુટર શિક્ષણ મળે તે હેતુથી ધો.૫ થી ધો.૧૨ ના તમામ વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. કોમ્પ્યુટરના વેકેશન વર્ગો કોમ્પ્યુટર શિક્ષક દ્વારા શાળામાં જ યોજવામાં આવે છે. સુંદર લોન અને ગાર્ડન, પાકો રોડ, ફૂવારો, દાતાશ્રીના બાવલા વગેરે જોઈ મન આનંદવિભોર બની જાય છે. શાળાની આધુનિક ઢબની વિજ્ઞાન પ્રયોગશાળાઓ, હાઈટેક કોમ્પ્યુટર લેબ., સુંદર કાર્યાલય, સભાખંડ, પીવાના ઠંડા પાણીની સુવિધા, કોમ્યુનીટી હોલની સુવિધાઓ ધ્યાનાકર્ષક છે.

શાળાના બન્ને સત્રમાં વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓની મીટીંગ બોલાવી વિદ્યાર્થીની પ્રગતિથી વાકેફ કરવામાં આવે છે.

શાળા દ્વારા તા.૧૦-૦૧-૨૦૧૪ ના રોજ ઉત્તરાયણમાં ઘવાતા અબોલ પક્ષીઓને સંવેદનશીલ ફિલ્મ બતાવી. તા.૨૬-૦૧-૨૦૧૪ ના રોજ ૬૫ માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરાઈ હતી. તા.૧૬-૦૨-૨૦૧૪ ના રોજ બી.ડી.સાર્વજનિક હાઈસ્કુલ ખાતે પાણીની પરબ અને લાયબ્રેરી દાતાઓના હસ્તે ખુલ્લી મુકાઈ તથા બાલવાટિકા, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક ના બાળકો દ્વારા વાર્ષિકોત્સવ સ્પંદન ૨૦૧૪ કાર્યક્રમ યુનિવર્સિટીના કૂલપતિ ડૉ.આર.એન.ગોદારાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. તા.૨૦-૦૨-૨૦૧૪ ના રોજ શાળાના માનદ મંત્રી શ્રી યશવંતભાઈ ઝવેરી અને શ્રી દિનેશભાઈ શાહની અધ્યક્ષતા નીચે પાટણની ધો.૧૨ ના તમામ વર્ગોમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબરે ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને ઈનામો આપવામાં આવ્યા. તા.૨-૦૪-૨૦૧૪ ના રોજ પાટણમાં જૈનાચાર્ય પૂજય અભયદેવસૂરિ મહારાજાનું મહામાંગલિક યોજાયું હતું.

વિદ્યાલયના પટાંગણમાં સમરકેમ્પનું તા.૧૭-૦૪-૨૦૧૪ ના રોજ શુભ શરૂઆત કરવામાં આવી. તેમાં જુદા જુદા વિભાગો જેવા કે મહેંદી, બ્યુટી પાર્લર, સીવણ, સ્કેટીંશ, ક્રિકેટ, ઘોડેસવારી, કોમ્પ્યુટર, સંગીત વગેરેમાં આચાર્ય શ્રી બી.આર. દેસાઈના માર્ગદર્શન હેઠળ કન્વીનર ડૉ.અલ્પેશભાઈ પટેલ અને અન્ય શિક્ષકોએ વર્ગો ચલાવવા માટે જહેમત ઉઠાવી હતી. વિદ્યાર્થીઓએ પણ વિવિધ વિવિધ વર્ગો ચલાવવા માટે જહેમત ઉઠાવી હતી. વિદ્યાર્થીઓએ પણ વિવિધ વર્ગોમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

**શાળાનું પરિણામ :**

**માધ્યમિક વિભાગ :**

ધો.૯ - ૧૦૦ ટકા, ધો.૧૦ ૬૫.૪૨ ટકા,

**ઉચ્ચતર માધ્યમિક વિભાગ :**

ધો.૧૧ - આર્ટસ અને કોમર્સ - ૧૦૦ ટકા

ધો.૧૨ - આર્ટસ - ૮૨.૨૬ ટકા, કોમર્સ- ૭૭.૩૩ ટકા,

ધો.૧૨ - સાયન્સ (ચોથુ સેમિ.) ૯૮.૯૬ ટકા

સમગ્ર વર્ષ દરમ્યાન થયેલી પ્રવૃત્તિઓનો ઈનામ વિતરણ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને ઈનામો આપવામાં આવે છે. શાળાના પ્રાકૃત વિષયમાં બાળકોને પ્રોત્સાહન અર્થે પુસ્તકનું વિતરણ તથા પારિતોષિક આપવામાં આવે છે.

**વાલીઓની મીટીંગ :**

તા.૨૪-૦૬-૨૦૧૪ ને મંગળવારના રોજ શાળાના મધ્યસ્થ હોલમાં ધો.૧૧-૧૨ વિજ્ઞાન પ્રવાહના ૮૦ ટકાથી વધુ માર્કસ મેળવનાર વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓની એક મીટીંગનું આયોજન કર્યુ.

શાળાના શિક્ષક શ્રી કે.વી.ઓઝાએ વાલીઓને શાળાના પરિણામની જાણ કરી. સિનીયર શિક્ષક શ્રી પી.પી.પટેલે મેથ્સના વિષયની માહિતી આપી. શાળાના સુપરવાઈઝર શ્રીમતી મીનાબેને શાળાના વિદ્યાર્થીઓ અને વાલીઓને જી અને ગુજકેટની તૈયારીમાં ૬૦.૪૦ ભારણનું મહત્વ સમજાવ્યું હતું.

**શાળાનું ગૌરવ :**

આપણી શાળાના વિદ્યાર્થી પટેલ નીવ મુકેશભાઈ અને મોદી દર્શિલ દિનેશભાઈએ ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ઉચ્ચતમ ક્રમાંકે જુન-૧૪ માં ઉત્તીર્ણ થતાં બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદ ખાતે પ્રવેશ મળેલ છે જે શાળા માટે ગૌરવ છે.

* * *

## યુનેસ્કો દ્વારા

# પાટણની રાણીની વાવને વર્લ્ડ હેરિટેજનો દરજ્જો

ગુજરાતના પ્રાચીન ઈતિહાસમાં અસ્તિત્વમાં આવેલ સૌન્દર્ય કલા-કારીગરીના બેનમુન ખજાના સમાન અદ્દભુત અને ઐતિહાસિક શિલ્પ સ્થાપત્ય ધરાવતી **પાટણની રાણકી વાવ**ને યુનેસ્કો દ્વારા **વર્લ્ડ હેરિટેજ સાઈટ** તરીકે જાહેર કરાતાં વિશ્વ વિરાસતને નકશે તે જળહળા થઈ રહી છે. પાટણે તેના દેવત્વનો સદૈવ પ્રકાશ પાથર્યો છે. પાટણની પ્રભુતા ભૂતકાળને ઉજાગર કરે છે અને ભાવી પ્રજાને દિશાસૂચન કરી માર્ગદર્શન આપે છે.



## નિર્માણના નેપથ્યે :

કહેવાય છે કે, અગિયારમી સદીમાં ૩૦૨ વર્ષના સુવર્ણ યુગમાં અણહિલપુર પાટણમાં સોલંકી મુળના (ચાલુકય વંશ)ના સ્થાપક **મૂળરાજ**ના પુત્ર **ભીમદેવ પહેલા**ના અવસાન બાદ તેમની પવિત્ર સ્મૃતિમાં **કર્ણદેવની માતા** અને **સિધ્ધરાજ**ના દાદી **રાણી ઉદયમતી**એ પાટણની પ્રજા માટે અનેરી જળ વ્યવસ્થાને અસ્તિત્વમાં આણવા ૨૭ મીટર (૮૨ ફુટ) ઉંડી અને ૬૮ મીટર લાંબી ૬૫ ફુટ પહોળી પૂર્વાભિમુખ વાવનું નિર્માણ કરાવ્યુ હતું. પુત્ર કર્ણદેવે અધુરૂ કાર્ય સંપન્ન કર્યુ હતું. સૈકાઓ પહેલાં વિવિધ સાંયોગિક ઘટનાક્રમ અને **સરસ્વતી નદી**માં આવેલ ધોડાપુરને પરિણામે આ વાવ ધરતીમાં ગરકાવ થઈ ગઈ હતી. વર્ષો સુધી ધરતીમાં ગરકાવ રહેલી આ ઐતિહાસિક વાવમાં ભરાયેલ માટીને બહાર આણવા ૧૯૬૮ માં ભારતીય પુરાતત્વ વિભાગે ઉત્ખનનની કાર્યવાહી શરૂ કરતાં વર્ષો બાદ ફરી આ વાવનું મૂળ સ્વરૂપે પુનરૂત્થાન કરવામાં આવ્યું હતું. ઉકત વાવના પથ્થરો પર દેવી દેવતાઓ, અપ્સરાઓ અને નાગકન્યાના કલાત્મક બેનમુન શિલ્પો કંડારવામાં આવ્યા છે. વાવ ત્રણ પ્રવેશ માર્ગોવાળી હોવાથી જયા પ્રકારની વાવ હોવી જોઈએ, તેવું ઈતિહાસવિદોનું માનવું છે. અણહિલપુર પાટણની **સામ્રાજ્ઞી ઉદયમતી**ની સ્વચ્છ સફેદ આરસની જાજરમાન અને ગૌરવાંકિત પચ્ચીસ આંગળ ઉંચી અને સોળ આંગળ પહોળી પ્રતિમા પણ વાવમાંથી પ્રાપ્ત થઈ છે. જે ઈતિહાસના તથ્ય અને સત્ય પર પ્રકાશ પાડી પુષ્ટિ આપે છે.



છેલ્લા કેટલાય સમયથી આ અદ્વિતીય રાણકી વાવને વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સ્થાન આપવા માંગણી ઉઠી હતી. કળાકારીગરી અને શિલ્પ સ્થાપત્યથી શોભતી જગતની સર્વોત્તમ આ વાવની સાંસ્કૃતિક વિરાસત તરીકે વર્લ્ડ હેરિટેજમાં સમાવવા નોમીનેટ કરાયા બાદ ગત સપ્ટેમ્બર મહિનામાં **ઈન્ટરનેશનલ કાઉન્સીલ ઓન મોન્યુમેન્ટ એન્ડ સાઈટ**ને વિનંતી કરવાના પરિણામે વર્લ્ડ હેરિટેજના સ્કુલ ઓફ આર્કિટેકચર (બીજીંગ)ના



**પ્રાધ્યાપક ડૉ. ઝીંગ જોય**ના નેતૃત્વ હેઠળ એક જુથ તા.૨૩ ઓકટોબર ૨૦૧૩ ના રોજ ઐતિહાસિક પાટણ નગરીની મુલાકાતે આવ્યું હતું. **રાણકી વાવ**ના પથ્થરો પર કંડારાયેલ શિલ્પ સ્થાપત્યની વિડીયોગ્રાફી સાથે આ નિષ્ણાતોના જુથે ઉંડાણપૂર્વક અભ્યાસ કરી યુનેસ્કોને તેમનો અહેવાલ સુપ્રત કર્યો હતો. કતારના પાટનગર દોહા ખાતે તા. ૧૫ જુનથી ૨૫ જુન ૨૦૧૪ દરમ્યાન મળેલ યુનેસ્કોની સમિટમાં રવિવાર, તા.૨૨-૦૬-૨૦૧૪ ના દિને ઉપરોકત વાવને વર્લ્ડ હેરિટેજ સ્થાપત્ય ઘોષીત કરવા બૃહદ ચર્ચાઓ તથા રજુઆત કરાયા બાદ સત્તાવાર ઘોષણા કરાઈ હતી. આ અગાઉ **ચાંપાનેર**ને આવું અનુપમ ગૌરવ મળી ચૂકયું છે. **યુનેસ્કો**ની આ જાહેરાતને પગલે મુંબઈ તથા પાટણ ખાતેના જૈનો જ નહિ ગુજરાત તથા સમગ્ર ભારતની પ્રજામાં આનંદોત્સવનો અદ્દભુત માહોલ ઉભરાઈ રહ્યો છે. શિલ્પ સ્થાપત્યમાં અનન્ય એવી પાટણની રાણકી વાવને વર્લ્ડ હેરિટેજનો દરજ્જો આપવા બદલ **શ્રી પાટણ જૈન મંડળ** પ્રાધ્યાપક **ડૉ. ઝીંગ જોય** અને **યુનેસ્કો**નો આભાર માનતા **માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી** તથા **ગુજરાત રાજયના મુખ્ય પ્રધાન શ્રીમતી આનંદીબેન પટેલ**ને હાર્દિક અભિનંદન પાઠવે છે.

માત્ર પાટણ જ નહિ ગુજરાત અને સમગ્ર રાષ્ટ્ર માટે આ ગર્વ અને

ગૌરવ અપાવનારી અદ્દભુત સિધ્ધિ છે. પ્રવાસન ક્ષેત્રે ઐતિહાસિક, સાંસ્કૃતિક અને પ્રાકૃતિક વૈવિધ્ય ધરાવતા દાર્શનિક સ્થળોમાં પાટણની **રાણકી વાવ** સ્થાપત્ય કલારસિકોમાં આકર્ષણનું અનન્ય કેન્દ્ર બની રહી છે. અત્યાર સુધી **યુનેસ્કો** દ્વારા ભારતની ૨૪ સાંસ્કૃતિક અને ૬ કુદરતી સાઈટને વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સ્થાન મળ્યું છે.



દ્વારા પ્રતિમાઓ ઉપરાંત લોકકથાના પ્રસંગો, રતિક્રિડાના દશ્યો, મૃતાત્માને લઈ જતા યમરાજ વિગેરે દિવાલ તેમજ સ્તંભો પર કોતરવામાં આવ્યા છે. મોર-પોપટના જોડકા, સમુહ નૃત્યો, વાઘ સાથે કુસ્તી, મગરને ઉલ્લુ બનાવતા વાંદરાનું દશ્ય આલ્હાદક અને દર્શનીય છે. શિલ્પીઓએ તેમની કલ્પનાશકિત અને આવડતને મુકત રીતે વિહરવા દીધી છે. વાવના પ્રત્યેક ખંડમાં ભગવાન શેષશાયિની મુર્તિ બિરાજમાન છે. અલ્પ વસ્ત્રો કે નિર્વસ્ત્ર સેંકડો પ્રતિમાઓ તત્કાલિન મહિલાઓના સૌંદર્યનું રસપાન અને દર્શન કરાવે છે. વિવિધ વસ્ત્રો, અલંકારો, પગરખા, કેશગુંફન વિગેરેનો ઝીણવટ પૂર્વકનો ઉલ્લેખ પણ દશ્યમાન છે. નાગણ કે વીંછીથી લપેટાયેલી વિષ કન્યાઓની કમનીય મૂર્તિઓ કંડારાયેલી છે. રૂપ સુંદરીઓના મુખમંડળ પરના ભાવો નિર્જીવ પથ્થરોને સજીવ કરવામાં શિલ્પીઓ કારગત નિવડયા છે. રસજ્ઞ ભાવથી જોતા એમ લાગ્યા વગર રહેતું નથી કે પ્રત્યેક શિલ્પ પોતાનામાં એક અનેરો બેનમુન ઈતિહાસ છે. દિવાલ, થાંભલા, ઝરૂખા અને બારસાખ ઉપરની ઉત્કૃષ્ટ કોતરણી મનભાવન અને ધ્યાનાકર્ષક છે.વિષ્ણુના અનેક સ્વરૂપો, જમણી સુંઢના ઉભા ગણપતિ, લક્ષ્મી-નારાયણ, શિવપાર્વતી, ભગવાન ધન્વંતરિ, અગત્સ્ય ૠષિ, સૂર્યદેવ, અગ્નિ દેવ, બ્રહ્મા-બ્રહ્માણી, કુબેર, દિગ્પાળો વિગેરેની મુર્તિઓ સવિશેષ દર્શનીય છે.

## શિલ્પ સ્થાપત્યની સરભૂમિ :

વાવમાં સ્ટેપ વેલ, પાણી સ્ત્રોત અને સંગ્રહ માટે સૈકાઓ પહેલાંની રચના અને બાંધણી આર્કીયોલોજી ડીપાર્ટમેન્ટ દ્વારા સચવાયેલી છે. વર્ષો પહેલાં **વડોદરા રાજયના આર્કીયોલોજી ખાતા**એ થોડુંક ખોદકામ કર્યુ હતું. ત્યારબાદ **આર્કીયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડીયા** મારફત આ વાવનું બે-ત્રણ વર્ષના એકધારા સુવ્યવસ્થિત ખોદકામને પરિણામે માનવ સૌંદર્યના મહાકાવ્ય જેવો અદ્દભુત કલાશિલ્પનો ખજાનો હાથ લાગ્યો હતો. આ વાવમાં સાત ઝરૂખામાં નાનામોટા લગભગ ૮૦૦ શિલ્પો છે. જેમાં ભગવાન વિષ્ણુના દશાવતાર, મહિષમર્દિની દેવી, કોપાયમાન ઉમા, બ્રહ્મ સાવિત્રી, ઉમા-મહેશ, ગણેશ, કુબેર, મહાલક્ષ્મી, હનુમાનજી વિગેરેનો સમાવેશ થાય છે. વાવની દિવાલો પર રામાયણ, મહાભારતના વિવિધ પ્રસંગો અને સોળ શૃંગારના શિલ્પો પણ કંડારાયેલા છે. રૂપ રૂપના અંબાર સમી ઘરેણા પહેરેલી અંગ ભંગિમા પ્રદર્શિત કરતી અપ્સરાઓ, નાગ કન્યાઓ અને બીજી યોગિનીઓની મૂર્તિઓ વિદ્યમાન છે. આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા **પુરાતત્વવિદ શ્રી માઈકલ પોષ્ટેલ**ના મત મુજબ આ વાવ બંધાયા બાદ ૨૦ થી ૩૦ વર્ષ જ ઉપયોગમાં લેવાઈ હશે. ઘણાં શિલ્પોને હાની થયેલી છે. વાવમાં ઉતરવા બંધાયેલ પગથીયા પણ કલાક્ષેત્રે આકર્ષણનું કેન્દ્ર બનેલ છે. વાવમાં પ્રત્યેક માળ ઉપર વિવિધ શિલ્પ સ્થાપત્યના દર્શન થાય છે. સાત માળમાંથી ઉપરના બે માળ ક્ષત વિક્ષત થયા છે માટે હાલમાં પાંચ જ માળ દેખાય છે.



પુરાતત્વ વિદો જણાવે છે કે, એશિયા ખંડમાં **રાણકી વાવ** જેવું ઉત્તમોત્તમ સ્થાપત્ય કયાંય જોવા નથી મળતું. આખા પટના પટ કોતરકામ કરાયેલા છે. કુશળ શિલ્પકારો



## આકર્ષણ : એક અનુભુતિ

**રાણકી વાવ અને સહસ્ત્રલિંગ તળાવ**ના આજુબાજુ લસ લીલા પરિસરમાં લીંબોડીના વૃક્ષો વસંત ૠતુમાં વનરાજીનું આકર્ષણ, ટહુંકતા મોરલા અને ઉનાળે શાતા આપનારા ધીમા વાયરા થકી મનડું મ્હોરે અને મ્હાયલો મહેકે, લહેરાતી લાગણી અહોભાવથી ભીંજાયા વગર રહે નહિ. વર્ષે અંદાજીત દોઢ લાખ મુસાફરો વાવની મુલાકાતે આવે છે. બાજુમાં જ રહેવાની અને જમવાની વ્યવસ્થા સાથે કાફેટેરીયા પણ બનાવવામાં આવ્યા છે. વિદ્વાનો, મૂર્તિવિધાનના જાણકારો, નિષ્ણાતો વિગેરે ગમે તેટલા વર્ણનો અને રાણકી વાવની માહિતી શબ્દોમાં આપવાની ચેષ્ટા કરે છતાં આપણે તેનાથી અસંતુષ્ટ જ રહેવાના. રૂબરૂ જઈને રાણકી વાવ નિહાળીએ તો આશ્ચર્યચકિત થયા વગર રહી શકીએ નહિ. અદ્દભુત અને

અદ્વિતીય નિર્માણ શૈલીએ **પાટણ**ના મહત્વને પ્રસ્થાપિત કરવામાં અનન્ય ફાળો આપ્યો છે.



લગભગ દરેક પ્રાચીન અને ઐતિહાસિક બાંધકામ સાથે ગુપ્ત સુરંગની માન્યતા સંકળાયેલી હોય જ છે. અહીંયા પણ કંઈક આવુ જ છે. વાવના તળિયે ( જે ભાગ હજી દટાયેલો છે.) એક સુરંગ હતી, જે ૩૦ કિલોમીટર દૂર આવેલ **સિધ્ધપુર** સુધી નીકળતી હોવાનું કહેવાય છે. ઈતિહાસમાં અનેક ઉતાર ચઢાવના સાક્ષી એવી પાટણની પ્રભુતાનો અંદાજ લગાવવો અઘરો છે. આ આખી વાવ પથ્થરની બનેલી છે. પથ્થરોને જોડવા લાકડાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. બે પથ્થરો બાજુ બાજુમાં ગોઠવાય ત્યાં પથ્થરો પર ખાંચો કરવામાં આવે જેમાં ખાસ આકારનું લાકડું ફીટ કરવામાં આવે છે. **સિધ્ધપુર**ના **રૂદ્રમહલ**માં પણ આ જ રીતે પથ્થરના સાંધાઓ સાથે બંધાયા છે. વરસાદ ગમે તેટલો વરસે છતાં તેમાં પાણી કયારેય ટકતું નથી. તેનું વૈજ્ઞાનિક કોઈપણ કારણ હોઈ શકે. પરંતુ તેની પાછળ એક દંતકથા જોડાયેલી છે. ઓડ જાતીની એક કન્યા જસમા ઉપર મહારાજા સિધ્ધરાજ મોહી પડયા. જસમાને પામવાની રાજા સિધ્ધરાજની પ્રબળ ઈચ્છા હતી. જસમા **રાજા સિધ્ધરાજ** સાથે જવા તૈયાર ન થતાં, રાજાએ તેના પર જોર જુલમ અને અત્યાચાર શરૂ કર્યો. તે સમયે વાવનું બાંધકામ થઈ રહ્યું હતું. **જસમાએ સિધ્ધરાજ**ને શ્રાપ આપ્યો કે તું જે ઉદ્દેશ માટે વાવ બંધાવી રહ્યો છે, તેમાં કયારેય પાણી ટકશે નહીં. કાળક્રમે આ વિદુષી **જસમા ઓડણ**ને નામે ઈતિહાસમાં સુવર્ણાક્ષરે પૃષ્ઠો પર છવાઈ ગઈ.

સરસ્વતીના પટમાં પણ પાણી રહેતું નથી. કદાચ વૈજ્ઞાનિક દૃષ્ટિએ આ ભૂમિ જ એવી હોઈ શકે, જેમાં પાણીનો સંગ્રહ લાંબા સમય સુધી ન થઈ શકે. રાણીની વાવ ઉપરાંત આખું પાટણ એવો ઈતિહાસ ધરબીને બેઠું છે કે, સમગ્ર શહેરને જ હેરિટેજ જાહેર કરવું પડે. ઈતિહાસવિદ **શ્રી મુકુંદભાઈ બ્રહ્મક્ષત્રિય**ના કહેવા મુજબ ઉત્ખનન કરવામાં આવે તો ૯૦૦ વર્ષ પહેલાંનો ઈતિહાસ પળવારમાં આળસ મરડીને બેઠો થઈ શકે. અત્રે એવી લોકવાયકા છે કે, પટ્ટણ સો દટ્ટણ. હાલના પાટણ નીચે બે પાટણ દટાયેલા છે. **શ્રી મુકુંદભાઈ બ્રહ્મક્ષત્રિય**ના જણાવ્યા અનુસાર પાટણની પશ્ચિમે **અનાવાડા** નજીક **વડલી** નામનું નાનકડું ગામ છે. ત્યાંથી ખોદકામ કરતાં આશરે પંચાવન વર્ષ પૂર્વે ૩૦૦ જૈન તીર્થંકર ભગવાનોની પ્રતિમાજીઓ મળી આવી હતી. સરકાર જો વડલી ગામનું ઉત્ખનન કરે તો અઢળક ધન, સંપત્તિ, લક્ષ્મી ઉપરાંત આખી પાટણ નગરી મળી આવે. વિશ્વના નકશામાં પાટણ ઉપસી આવે અને દેશ-વિદેશના યાત્રિકો આવવાથી સરકારની આવક વધવા સાથે વિદેશી હુંડિયામણ રળવાની ક્ષમતા પણ વધી જાય.

## ઈતિહાસની અટારીએથી :

અણહિલપુર પાટણની સ્થાપના વીર વનરાજ ચાવડાએ વિક્રમ સંવત ૮૦૨ માં કરી હતી. ૫૫૦ વર્ષ સુધી **પાટણ** ગુજરાતની રાજધાની રહ્યું. ઈ.સ. ૭૪૬ માં સ્થાપના બાદ સમૃધ્ધિના શિખર પર આરૂઢ થયેલ **અણહિલપુર** પાટણનો મુસ્લિમ આક્રમણકારો દ્વારા ઈ.સ. ૧૩૦૪ માં ધ્વંશ થયો. નષ્ટ થયેલા જુના પાટણની જગ્યાએ ઈ.સ. ૧૩૧૪ ની આસપાસ નવું પાટણ વસ્યુ હોવું જોઈએ તેવું તારતમ્ય ઈતિહાસવિદોએ કાઢયું છે. પાટણનું નામ આવે કે સ્થાપક **વનરાજ ચાવડા** અને **રાજા મુળરાજ**ના નામોનો ઉલ્લેખ આવશ્યક બને. તદુપરાંત મહાપ્રતાપી ગુર્જરેશ્વર **સિધ્ધરાજ જયસિંહ**, સોલંકી વંશના આઠમા જીવદયા પ્રેમી **રાજા કુમારપાળ** અને **કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય** અનુક્રમે પરાક્રમ, પવિત્રતા અને જ્ઞાનના સાક્ષાત સાગર મૂર્તિ સમાન હતા. **સિધ્ધરાજે** મહાયોગી **શ્રી હેમચંદ્રાચાર્યે** રચેલ **"સિધ્ધ હેમશબ્દાનુશાસન"** નામના વ્યાકરણ ગ્રંથને પોતાના માનીતા **હાથી શ્રીકરણ** પર સોનાની અંબાડીમાં પધરાવી પાટણના રાજમાર્ગો પર ગ્રંથનું બહુમાન કરવા શોભાયાત્રા કાઢી હતી. ખરા શબ્દોમાં પાટણ ગુજરાતની અસ્મિતાનું આધારબિન્દુ છે.



છેલ્લા સો વર્ષ દરમ્યાન શિક્ષણ, મેડીકલ તથા ઔદ્યોગિક ક્ષેત્રે સતત વિકાસ થતો રહ્યો છે. વિવિધ કોલેજો ઉપરાંત ૧૯૮૬ માં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી મળતા વિકાસની કૂચ વણથંભી ચાલી રહી. શતાબ્દી પહેલાં ૬ કિ.મી.ના ઘેરાવામાં આવેલ પાટણ આજે ૧૮ કિ.મી.માં વિસ્તરેલ છે. તે સમયે ૩૦,૦૦૦/- ની વસ્તી ધરાવતું શહેર આજે ૧,૫૦,૦૦૦/- થી વધુ જનસંખ્યા ધરાવે છે. પાટણની શોભા, સંસ્કૃતિ અને ગૌરવ ગાથાને પાટણના પ્રાચીન સ્થળોના શિલ્પો વાચા આપે છે. પાટણ ઉત્તર ગુજરાતમાં ૨૩-૫૧ ઉ. અક્ષાંસ અને ૭૨-૧૧ પ. રેખાંશ પર વસેલું છે. શહેરની પૂર્વ - પશ્ચિમ લંબાઈ આશે ૪૫૦૦ ફૂટ અને ઉત્તર - દક્ષિણ પહોળાઈ આશરે ૬૪૦૦ ફૂટ છે. તેને ફરતો આશરે સાડાત્રણ માઈલ ઘેરાવામાં જુનો કોટ છે.

## દાર્શનિક સ્થળો :

પાટણના દાર્શનિક સ્થળોમાં રાણકીવાવ, સહસ્ત્રલિંગ તળાવ, શેખ ફરીદનો રોજો, કાલિકા માતા, બારોટની વાવ, શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાન મંદિર, શ્રી પંચાસરા પાર્શ્વનાથનું જુનું તથા નવું જિનાલય, પદ્મનાભ વાડી, ખાન સરોવર, મશરૂ, માટીના રમકડા, કાગળનું બેનમૂન કોતરકામ વિગેરે ગણાવી શકાય. શતાબ્દી વટાવી ચૂકેલ અન્ય જૈન પુરાતન જિનાલયો ધ્યાનાકર્ષક રહ્યા છે.



## ફાટે પણ ફીટે નહીં :

**પાટણના પટોળા** એટલે અનન્ય વણાટ કામની અદ્દભૂત કલાનું સુરેખ દર્શન ! પટોળાની બન્ને બાજુ એક સરખી વિશિષ્ટ રચના અને રંગોની અનન્ય મિલાવટ અનેરી આભા પાથરી જાય છે. બારમા સૈકા પહેલાં સમગ્ર ભારત વર્ષમાં આ કલા મશહૂર હતી. પ્રાચીન ગ્રંથકાર **શ્રી માન ઓલ્લાસ** પણ અણહિલવાડના વિશિષ્ટ વસ્ત્રોનો ઉલ્લેખ કરે છે. પ્રત્યેક વિભિન્ન પટોળાની કિંમત આજે લાખો રૂપિયામાં અંકાય છે. વર્તમાનમાં માત્ર ત્રણ કુટુંબો દ્વારા આ હુન્નર સચવાઈ રહ્યો છે. જેમાં મુખ્યત્વે **શ્રી વિનાયકભાઈ કાંતીલાલ સાલવી** છે. શ્રી વિનાયકભાઈને **નેશનલ આર્ટ વર્કનો ઉચ્ચ એવોર્ડ ૧૯૯૯** ની સાલમાં અને **દ્વિતીય શિલ્પગુરૂ એવોર્ડ વર્ષ ૨૦૦૨** માં પ્રાપ્ત થયો છે. હાલમાં તેઓ પાટણ ખાતે મ્યુઝીયમ બનાવી રહ્યા છે. જેનું ઉદ્દઘાટન ૧૫ મી ઓગષ્ટ ૨૦૧૪ ના રોજ સુનિશ્ચિત થયેલ છે.

પટોળાની કારીગરીના વિકાસાર્થે **રાજા કુમારપાળે** ૧૧ મી સદીમાં **જાલના** (ઔરંગાબાદ-મહારાષ્ટ્ર)થી ૭૦૦ જૈન પરિવારોને પાટણમાં વસાવ્યા. વર્ષ ૧૯૮૦-૮૫ ના ગાળામાં જર્મન મુસાફર **શ્રી હરમન ઉલીચે** બર્લિન ખાતેના મ્યુઝિયમમાં પટોળા તેમજ તેની બનાવટના સાધનો પ્રદર્શિત કર્યા, એટલું જ નહિ પટોળા વિશેના ખામીયુકત લખાણમાં પણ સુધારો કરાવ્યો. વર્ષ ૨૦૦૧ માં ગુજરાતમાં આવેલ ધરતીકંપ સમયે પાટણની રાણકી વાવનો ઉલ્લેખ જર્મન આર્કીયોલોજીસ્ટના પુસ્તકમાં ન હતો. ત્યારબાદ બીજી એડીસનમાં **શ્રી ઉલીચે** રાણકી વાવના સ્થાપત્યની વિગત આમેજ કરાવી હતી.

## લેખા જોખા :

શૈક્ષણિક તથા મેડીકલ ક્ષેત્રે પાટણ હરણફાળ ભરી રહ્યું છે. અન્ય કોલેજો ઉપરાંત આ વર્ષે **શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત સાયન્સ, આર્ટસ તથા કોમર્સ કોલેજ પણ ચાલુ થઈ રહી છે.** આજુબાજુના ગામડાઓમાંથી વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ માટે તેમજ દર્દોની ઉત્તમ સારવાર માટે પાટણ આવી રહ્યા છે.

**રાણકી વાવ** આમ જનતા માટે બંધાવવામાં આવેલ માત્ર જળાશય હોય તે વિદિત થતું નથી. આ આખી બાબત એક વિચાર માગી લે છે કે, જો જનતાને માત્ર પાણી જ પુરૂં પાડવું હોત તો આટલું બધું કોતરકામ કરી રાજયની કળાકારીગરી કે સંપત્તિ વેડફી શકાય નહિ. વાવના પગથિયાની ઉંચાઈ જોતા કોઈપણ મહિલા કે પનિહારી પાણી ભરેલુ બેડલું શિરે મૂકી વાવમાં સરળતાપૂર્વક ચઢી કે ઉતરી શકે તેમ નથી. ૧૭ મી સદીમાં **તાજમહાલ** બનાવવા પાછળ બાદશાહનો બેગમ પ્રત્યેનો અપૂર્વ પ્રેમ હતો. જયારે રાણકી વાવ તાજના અસ્તિત્વના લગભગ ૫૦૦ વર્ષ પહેલા **પટરાણી ઉદયમતી**એ પોતાના રાજવી પતિ **ભીમદેવ પહેલા**ની યાદમાં બનાવી હતી. જેમાં રાણીનો રાજા પ્રત્યેનો પ્રેમ ઉભરાય છે.

પ્રવાસન પ્રવૃત્તિને વેગ આપવા **અંબાજી, વડનગર, સિધ્ધપુર, મોઢેરા, બેચરાજી, ઘુડખર અભ્યારણ** જેવા જોવાલાયક પ્રાચીન સ્થળોને સાંકળી એક પ્રવાસન સરકીટ બનાવવાની જરૂરિયાત પર **પાટણના કલેકટર શ્રી એચ.એન.ઠકકરે** ભારપૂર્વક જણાવ્યું હતું.

## રાણકી વાવને વર્લ્ડ હેરિટેજ યાદીમાં મૂકાવાથી...

- દેશી-વિદેશી ટુરિસ્ટો તથા મુલાકાતીઓનું આવાગમન વધતુ જશે.
- ટુરિસ્ટોને અનુરૂપ ત્રણ કે ચાર તારક હોટેલ તથા ગેસ્ટ હાઉસનું યોગ્ય નિર્માણ આવશ્યક છે.
- ટ્રાન્સપોર્ટેશનનની ઉત્કૃષ્ટ વ્યવસ્થા આંતરરાષ્ટ્રીય સ્તરે કરવાની રહેશે.
- દુનિયામાં મશહુર પાટણના બેનમુન પટોળા, મશરૂ અને માટીકામના રમકડાના વ્યાપાર થકી આવકના નૂતન સ્ત્રોત ખુલશે.
- રાણકી વાવ તરફના રસ્તાઓ અને માળખાગત સુવિધાને આધુનિકતાનો ઓપ આપવાનો રહેશે.
- વધુ પ્રવાસીઓને પરિણામે રોજગારીની તકોમાં વધારો થશે.
- સ્વચ્છતા અને સુવિધાને મહાનગર પાલિકાએ વિશેષ મહત્વ આપવું પડશે.
- સરકારી તંત્રની જવાબદારી સાથે પટણીઓની અને પાટણના સ્થાનિક નાગરિકોની જવાબદારી વધી જશે.
- પાટણ નજીક મોઢેરા, સિધ્ધપુર, અંબાજી, વડનગરને ટુરીઝમ ડેવલપમેન્ટ સાથે આવરી લેવા જોઈએ.
- વિવિધ મથક સાથે ડાયરેકટ રેલ્વે લાઈનની આવશ્યકતા અસ્થાને નથી જ.

પાટણની પ્રભુતાના સરતાજ એવા શિલ્પ સ્થાપત્યથી ભરપુર રાણકીવાવ જેવી અણમોલ અને અલભ્ય વાવની જાળવણી, દેખરેખ, સુવિધા અને સ્વચ્છતાના સંવર્ધનની દિશામાં રચનાત્મક અભિગમનો સંકલ્પ કરીએ. સમગ્ર વિશ્વ જયારે ગ્લોબલ વોર્મિંગથી ભયભીત છે, ત્યારે વતનનું સાતત્ય જાળવવા આપણે સૌ પ્રણ લઈએ. **મ. ને.**

## ૪૫ વર્ષથી વધુ વયનાઓ માટે ક્રિકેટ મેચ

મંડળની સ્પોર્ટસ સમિતિ દ્વારા સમાજના ૪૫ વર્ષ કે તેથી વધુ વયના ભાઈઓ માટે એક દિવસીય પ્રદર્શન મેચનું આયોજન રવિવાર, તા. ૧૭-૨-૨૦૧૫ના રોજ કરવામાં આવેલ છે. જેમાં ભાગ લેવા ઈચ્છતા ખેલાડીઓએ પોતાનું પૂરું નામ, ઉંમર, પાટણનો મહોલ્લો, રહેઠાણ વિસ્તાર,મોબાઈલ નંબર સહિતની વિગતો **તા. ૩૦-૦૯-૨૦૧૪** સુધીમાં મંડળના મરીન ડ્રાઈવ તથા ગોરેગામ ખાતેના કાર્યાલયમાં **રૂા. ૧૦૦/- રીફન્ડેબલ ડિપોઝિટ** ભરી નોંધાવવા વિનંતી છે. જે મેચ પૂર્ણ થયા બાદ પરત કરવામાં આવશે.

મેચનો પૂર્ણ આનંદ મેળવી શકાય એવા શુભ આશયથી આપ બેટીંગ, બોલીંગ, ફિલ્ડીંગ, વિકેટકીપીંગ વગેરેમાંથી જે ક્ષેત્રે વધુ પાવરધા હો તે ખાસ જણાવશો. જેથી સુયોગ્ય ટીમોની ગોઠવણી કરી શકાય.

## ક્રિકેટ ટુર્નામેન્ટ

શ્રી પાટણ જૈન મંડળની સ્પોર્ટસ સમિતિ દ્વારા સમાજના યુવાવર્ગ માટે દર વર્ષની માફક ચાલુ સાલે પણ મુંબઈના જુદા જુદા વિસ્તારની ક્રિકેટ ટીમો વચ્ચે ટુર્નામેન્ટનું ડિસેમ્બર માસમાં આયોજન કરવામાં આવેલ છે.

આ ટુર્નામેન્ટમાં ભાગ લેવા ઇચ્છુક ટીમોએ **રૂા. ૨૫૦/- ભરી પોતાનું નામ તા. ૩૧-૦૮-૨૦૧૪ સુધીમાં** મંડળની ઑફિસમાં નોંધાવવા ભલામણ છે.

**□ સ્પોર્ટસ્ સમિતિ**


### FOR SALE

Well established Engineering Tools business to be sold with Goodwill, Space and Stock.
Shop in heart of the market on main road.
Strong retail counter
Location: Ahmedabad
Interested parties can contact at 094285 60479

ADVT


## પોસ્ટ ગ્રેજ્યુએટ મેરીટ સ્કોલરશીપ

**શ્રી પાટણ જૈન મંડળ અને શ્રી કેશવલાલ કીલાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ** દ્વારા સંયુક્તપણે પ્રતિવર્ષ પોસ્ટ ગ્રેજ્યુએશનનો ઉચ્ચ અભ્યાસ કરનાર, પ્રતિભાશાળી / તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બહેનોને શૈક્ષણિક ગુણવત્તાના ધોરણે વાર્ષિક **રૂા. ૧૦,૦૦૦/-** ની એક એવી બે પોસ્ટ ગ્રેજ્યુએટ મેરીટ સ્કોલરશીપ આપવામાં આવે છે. તદ્અનુસાર આ વર્ષે બીઝનેસ મેનેજમેન્ટ, મેડીકલ સાયન્સ, કૉમ્પ્યુટર એન્જિનિયરીંગ, આઈ.એ.એસ. અથવા ડૉક્ટરેટ પીએચ.ડી. (કોઈપણ વિષય) તેમજ આવા પ્રકારના ઉચ્ચ કક્ષાના પોસ્ટ ગ્રેજ્યુએશન કોર્ષમાં ઊત્તીર્ણ થયેલા વિદ્યાર્થી ભાઈ-બહેનોને મેરીટ સ્કોલરશીપ આપવા અંગે અરજીપત્રક મંગાવવામાં આવે છે. મંડળના કાર્યાલયમાંથી આ અંગેનું ફોર્મ મેળવી સંપૂર્ણ વિગતોસહ ભરીને **તા. ૩૧-૦૮-૨૦૧૪** સુધીમાં પરત મોકલાવી આપવા વિનંતી છે.

**પ્રસ્તુત સ્કોલરશીપ માટે, વિદ્યાર્થીઓની શૈક્ષણિક ક્ષેત્રની તેજસ્વીતાને જ પ્રાધાન્ય અપાય છે જે આપને વિદિત થાય.**

**□ શિક્ષણ સમિતિ**

## આળસ

- આળસુ થઈને રાહ જોયા કરતા નહીં, કેમ કે, ભાગ્યદેવી પણ આળસુ છે. તે પોતાની મેળે કદી પણ તમારી પાસે આવવાની નથી.
- આળસ એ ઈશ્વરે આપેલા હાથપગનું અપમાન છે.
- આળસુની કોઈ ઈચ્છા ક્યારેય પૂર્ણ નથી થઈ.
- આળસ જીવતા માણસને દફનાવી દે છે.
- આળસ એ ગફલતનું મૂળ, રોગનું પારણું, સમયની બરબાદી અને શાંતિનો મૃત્યુઘંટ છે.

**ભુલસુધાર :** જુન માસના 'પાટણ પ્રતિબિંબ'માં અભિનંદન વિભાગમાં શ્રીમતી પ્રીતિબેન તથા કલ્પેશભાઈ પ્રવીણભાઈ શાહના સુપુત્ર ચિ. કુણાલ સુધારીને વાંચવા વિનંતી.


### શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા

ટાંગડિયા વાડો, પાટણ-ફોન : ૦૨૭૬૬-૨૨૫૮૫૩

### નૂતન સહાય યોજના

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/-** ● **સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ : રૂા. ૩૧,૦૦૦/-** ● **દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦-જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**

● સૌજન્ય : **મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કું., મુંબઈ** ●

ADVT

## વિકલાંગ બાળકોનો યાત્રા પ્રવાસ

શ્રી પાટણ જૈન મંડળની વિકલાંગ ઉત્કર્ષ સમિતિ આયોજીત રવિવાર તા. ૬-૭-૨૦૧૪ના ટાઢા પહોરે ૨૧ બાળકો સહિત ૪૭ સદસ્યોની યાત્રાનો આરંભ થયો દાદર પ્લાઝા સિનેમાથી તાકેદ; જિ. નાસિક તરફ; જ્યાં શ્રી લલીતભાઈ કોઠારી દ્વારા નવકારશીની વ્યવસ્થા કરવામાં આવેલ. તેનો લાભ લઈ પરમાત્મા શ્રી આદિશ્વર ભગવંતની ભક્તિ આરાધના કરી.

તાકેદ એક નાનકડું ગામ છે. જેની વસતી માંડ ૧૫૦ પરિવારોની છે, મૂળનાયકની પ્રતિમાજી ૬૫૦ વર્ષ પ્રાચીન છે તેમજ ત્રણ મોટા આચાર્ય ભગવંતોની જન્મભૂમિ છે. તાકેદથી બપોરે દીંડોરી તાલુકાના વણી ગામે, જ્યાં ૮૬૦ વર્ષ પ્રાચીન શ્રી આમીઝરા પાર્શ્વનાથ પ્રભુના દર્શન કર્યા. આ જિનાલયનું નિર્માણ પાછલા દશકામાં જ થયેલ છે. વણી ખાતે બપોરનું તથા સાંજના ભોજન બાદ રાત્રે ભાવનામાં બાળકો દ્વારા સુંદર ચામર નૃત્ય કરવામાં આવેલ તેમજ આરતી-મંગલદીવાનો પણ લાભ લેવામાં આવેલ. ત્યારબાદ રાત્રે રમતગમત તથા હાઉસીનું આયોજન કરવામાં આવેલ. જેમાં સૌ સદસ્યો ઉત્સાહભેર શામેલ થઈ વિવિધ ઇનામોના હક્કદાર થયેલ.

સોમવાર, તા. ૭-૭-૨૦૧૪ના સવારે પક્ષાલ, કેસર પુજા તથા આંગી ચઢાવવાનો લાભ લઈ આપણાં બાળકો દ્વારા દિશા કાર્યશાળામાં બનાવેલ મોતીની સુંદર માળા મૂળનાયક ભગવાનને અર્પણ કરવામાં આવેલ. આ જિનાલયના ટ્રસ્ટી શ્રી બાબુભાઈ દ્વારા મંડળની વિકલાંગ ઉત્કર્ષની પ્રવૃત્તિથી પ્રભાવિત થઈ રૂા. ૧૦,૦૦૦/- ના ધૂપનો ઓર્ડર લખાવેલ તેમજ મંડળના સર્વે હોદ્દેદારોને સેવાકાર્ય માટે બિરદાવેલ. સવારે ૧૦ વાગ્યે ૩૬ કિ.મી. દૂર આવેલ શ્રી ગજાભિષેક જિનાલય-સાપુતારા ખાતે પહોંચેલ. જ્યાં ૫૨૦ વર્ષથી વધુ પ્રાચીન શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય તથા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની સેવા-પૂજા ભાવપૂર્વક કરવામાં આવેલ તેમજ સમૂહ ચૈત્યવંદન બાદ બપોરના ભોજનને ન્યાય આપી સૌ રવાના થયા શાહપુર તરફ.

સાંજે માનસ મંદિરમાં-શાહપુર ખાતે શ્રી આદીશ્વરદાદાના દર્શન વંદન કરી ધન્ય બન્યા તેમજ સંધ્યા ભોજનનો લાભ લીધો. શાહપુર ખાતે વરસોથી કાર્યરત ચાયની કેન્ટીનવાળા શ્રી પ્રફુલભાઈ પટેલ દ્વારા સૌ બાળકોને ચા-કોફીનો લાભ લઈ ધન્યતા અનુભવી તેમજ લાગણીસભર સ્વરમાં કહ્યું, 'આવો લાભ મને ક્યારે મળે ? યાત્રા પ્રવાસ માટે બસના આયોજનમાં શ્રી શશીભાઈ પાસેથી સુંદર પ્રતિસાદ સાંપડ્યો હતો. વણી-સાપુતારા યાત્રા પ્રવાસનો સંપૂર્ણ લાભ લેનાર સદ્‌ગૃહસ્થની અનુમોદના કરીએ છીએ.

**❑ વિકલાંગ ઉત્કર્ષ સમિતિ**


**લગ્ન સંબંધી**

**પુત્રનું નામ : રોહન શાહ (સાંડેસરા)**

માતા-પિતાનું નામ : આરતીબેન–ભરતભાઈ શાંતિલાલ શાહ

જન્મ તારીખ: ૧૦-૮-૧૯૮૯. ઊંચાઈ : ૫' ૮''. જન્મ સ્થળ : મુંબઈ

મૂળ વતન : પાટણ (કસુંબીયાવાડો). અભ્યાસ : M.B.A.

સર્વિસ : જે.એલ. ટી. પ્રાઈવટ લિમિટેડ, પવઈ.મોબાઈલ : ૯૮૨૧૫૮૪૧૫૧

સરનામુ:B F 8,હરમેશ એપાર્ટમેન્ટ,ભટ્ટ લેન,પોઈસર ડિપો પાસે,બોરીવલી(પ)

ફોન:૨૮૬૧૨૨૦૧.email:rohanshah1989@yahoo.com Advt


## ઋતુઓની રાણી વર્ષા

આવો મેઘ રાજા, વગડાવો વાજા.
ઘડ-ઘડ ધૂમ ધૂમ (૨)
મૂશળધાર મૂશળધાર, વરસે પાણીડાની ધાર
સર સર–સૂમ સૂમ (૨)
રેલમ છેલ–રેલમ છેલ, નદી નાળા રેલમ છેલ
છલ છલ – છૂમ છૂમ
આવો મેઘ રાજા, વગડાવો વાજા.

કુદરતનો કરિશ્મો તો જુઓ તેને વર્ષની છ ઋતુઓ આપી છે. તેમાં મુખ્ય ત્રણ ઋતુઓ છે. શિયાળો, ઉનાળો, ચોમાસું. શિયાળામાં ઠંડું વાતાવરણ, ઠંડા વાતાવરણને ગરમ કરવા માટે ઉનાળો. ઉનાળામાં ગરમીથી ધરતી તપી જાય એટલે વર્ષા ઋતુનું ધરતી પર આગમન થવું. વર્ષા ઋતુની ચાતક પક્ષીની જેમ રાહ જોતા હોય ત્યાં જ આકાશમાં વાદળો છવાય અને વર્ષા ઋતુના આગમનના એંધાણ વર્તાય ત્યારે પશુ-પક્ષી, ઝાડ-પાન, માનવ બધા જ આનંદમાં આવી જાય. રીમ-ઝીમ, રીમ-ઝીમ વરસતા વરસાદમાં કુહૂ–કુહૂ કોયલના ટહુકારથી, ટેહુંક-ટેહુંક અવાજથી કળા કરતા મોરલાને જોવાની, ખેડૂતોને ખેતરમાં વાવણી કરતાં, ડોસા-ડોસીને પાણીમાં ભીંજાવાની, બાળકોને પાણીના ખાબોચીયામાં છબછબીયાં કરવાની મઝા આવે છે. મમ્મી-પપ્પા બાળકોને વરસાદમાં ભીંજાવાની ના પાડે તો પણ જાય.

ધરતી પણ લીલીછમ ચાદર ઓઢીને બેસી જાય છે. ધરતી પર વરસાદનાં જ્યારે પહેલાં છાંટણાં પડે ત્યારે માટીમાંથી ભીની સુવાસ આવે છે અને પ્રકૃતિનું ચારે તરફનું વાતાવરણ સૌંદર્યમય થઈ જાય છે. આકાશમાં સપ્તરંગી મેઘધનુષ રચાય છે. આ ઋતુ પ્રેમ કરવાની મોસમ છે. ઈશ્વરની કુદરતી કલા અને કારીગરી છે.

આ ઋતુમાં ચૂરમાના લાડુ, ભજીયા, શેકેલી મકાઈ ખાવાની અને ફરવાની મજા આવે છે, તો માંદગી પણ સાથે છે. તે રોગચાળાનું ઘર પણ છે, માટે ખાવા-પીવામાં ધ્યાન રાખવું પડે છે. છત્રી, રેઈન કોટ પહેરવા ગમે છે.

વીજળીના ઝબકારા અને કડાકા સાથે મુશળધાર વરસાદ પડે ત્યારે થોડો ડર પણ લાગે છે. ક્યારેક પ્રલયકારી બને તોતીંગ ઈમારતો, વૃક્ષો, ભેખડો ધસી પડે છે. નદીમાં પૂર આવે છે. ક્યારેક રૌદ્રસ્વરૂપ ધારણ કરે છે.

ગયા વર્ષે ઉત્તરા ખંડમાં રૌદ્ર સ્વરૂપે વરસી પડ્યો. કેટકેટલી તબાહી મચાવી દીધી અને વિનાશ આદર્યો. કેટલાકે પ્રત્યક્ષ અનુભવ્યો, તો કોઈ ઘર-બાર વગરના, બાળકો મા-બાપ વિના નોધારા બની ગયા તો પશુઓ પાણીમાં તણાઈ ગયા. આમ વરસાદ રીઝવે, ખીજવે, ભીંજવે પણ છે; એટલેજ વર્ષા ઋતુને ઋતુઓની રાણી કહે છે. અને આપણે તેને કહીએ છીએ કે–

આવ રે વરસાદ, ઢેબરીયો પરસાદ
ઉની ઉની રોટલી ને કારેલાનું શાક !

**❑ શ્રીમતી મૃદુલાબેન પ્રફુલભાઈ શાહ**

## હાર્દિક અભિનંદન

● લખીયાર વાડો, હાલ મરીન ડ્રાઈવ, **ડૉ. જનકભાઈ રમણલાલ શાહ** તથા **શ્રીમતી પીનાબેન**ના સુપુત્ર **ચિ. જીનમ્** મહારાષ્ટ્ર યુનુવર્સિટી ઑફ હેલ્થ સાયન્સ, નાસીક દ્વારા ૨૦૧૪માં લેવાયેલ પરીક્ષામાં M.D. in Pulmonary Medicineમાં ૮૦૦ માંથી ૫૦૧ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થઈ સમાજ તથા સંસ્થાનું ગૌરવ વધારેલ છે તે બદલ અભિનંદન.

● ફોફલીયા વાડો, ચોધરીની શેરી, હાલ સાંતાક્રુઝ સ્થિત **શ્રીમતી મેઘા** તથા **શ્રી પ્રકાશભાઈ મોહનલાલ શાહ**ના સુપુત્ર **ચિ. મનીષ** S.M.P.R. English School, Mulund ખાતે Xpress Math National Prelims-2013-14'ની સ્પર્ધામાં MET Rishikul Vidyalaya-Bandra તરફથી ભાગ લઈ છઠ્ઠા ક્રમાંકે ઉત્તીર્ણ થવા બદલ અભિનંદન.

● તંબોલી વાડો, હાલ પ્રાર્થના સમાજ, મુંબઈ સ્થિત **શ્રીમતી સુશીલાબેન** તથા **શ્રી શૈલેષભાઈ સેવંતીલાલ શાહ** (ફાઈનાન્સ માનદમંત્રી, શ્રી પાટણ જૈન મંડળ)ના સુપુત્ર **ચિ. આગમ** M.S. in Bio-Medical Engineeringની ડીગ્રી `A' ગ્રેડ સાથે John Hopkings University માંથી મેળવી ઉત્તીર્ણ થયેલ છે તે બદલ અભિનંદન.

**ચિ. આગમ** હવે Zurich University માંથી સુપર પોસ્ટ ગ્રેજ્યુએશનનો અભ્યાસ કરી Ph.D. કરી રહ્યા છે. **ચિ. આગમ**ની ઝળહળતી સફળતાએ પરિવાર તથા સંસ્થાનું ગૌરવ વધારેલ છે. તેઓ ઉત્તરોત્તર સફળતાના શિખરો સર કરે તેવી શુભેચ્છા.


### મકાન વેચવાનું છે

પાટણમાં ગોળશેરી વિસ્તારમાં ઢંઢેર વાડા દરવાજા સામે રોડ ઉપર ત્રણ મજલામું મકાન વેચવાનું છે. નીચે લખેલ મોબાઈલ નંબર પર સંપર્ક કરો :

MOBILE: 9224426117

Advt


## દેશ તેમજ વિદેશમાં ચેસ સ્પર્ધામાં અવનવા વિક્રમો સર્જતો ચિ. દેવ શાહ

એશિયન સ્કૂલ્સ ચેમ્પિયન, મહારાષ્ટ્રના ચેસ વિજેતા અને ભારતના યંગેસ્ટ સ્ટેટ ખેલાજી ૭ વર્ષના **દેવ શાહે** વધુ એક અનેરી સિદ્ધિ હાંસલ કરીને દેશનું, મુંબઈનું, મહારાષ્ટ્રનું તેમ જ જૈન સમાજનું નામ રોશન કર્યું છે.

થોડા દિવસ પહેલાં સ્કોટલૅન્ડમાં આયોજિત અન્ડર-૧૦ કોમનવેલ્થ ચેસ ચેમ્પિયનશિપ્સ, ૨૦૧૪માં સુવર્ણ ચંદ્રક જીતી લીધો હતો. આ પ્રતિષ્ઠિત સ્પર્ધા ગ્લાસગો શહેરમાં યોજાઈ હતી અને એમાં છોકરાઓ તથા છોકરીઓની મિક્સ્ડ કૅટેગરીમાં તેણે આ સિદ્ધિ મેળવી હતી. તેણે ફાઈનલમાં સાઉથ આફ્રિકાની ૧૦ વર્ષની હરીફને પરાજિત કરી હતી. સ્પર્ધામાં કુલ ૧૬ દેશના પ્લેયરોએ ભાગ લીધો હતો. દેવે હજી ગયા મહિને દિલ્હીમાં નેશનલ સ્કૂલ્સ ચેસ ચેમ્પિયનશિપ્સમાં અન્ડર-૧૦ કૅટેગરીનો સિલ્વર મેડલ જીત્યો હતો. એ સ્પર્ધામાં ૧૮ રાજ્યા ૧૫૦ પ્લેયરોએ પોતાનું ભાવિ અજમાવ્યું હતું અને દેવ એ બધામાં પોતાની ટેલેન્ટ કારણે સેકન્ડ આવ્યો હતો. પ્રથમ નંબર પર આવેલ પ્લેયર સાથે દેવની ટાઈ થઈ હતી, પરંતુ છેવટે રજત ચંદ્રક દેવને આપવામાં આવેલ હતો. તે બાંદરાની ધીરુભાઈ અંબાણી ઈન્ટરનેશનલ સ્કૂલમાં બીજા ધોરણમાં ભણે છે. દેવને સ્કોટલૅન્ડ જીતેલા ગોલ્ડ મેડલ સાથે સર્ટિફિકેટ તેમ જ ૨૦૦ પાઉન્ડ આપવામાં આવ્યા હતા. હવે તે સપ્ટેમ્બરમાં સાઉથ આફ્રિકા જશે જ્યાં તે ડર્બનમાં અન્ડર-૮ વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપ્સમાં ભાગ લેશે. ત્યાર પછી નવેમ્બરમાં તે બ્રાઝિલ જશે જ્યાં અન્ડર-૭ વર્લ્ડ સ્કૂલ્સ ચેસ સ્પર્ધામાં રમશે.

ચિ. દેવ ખડાખોટડી પાડાના, નેપીયન્સી રોડ પર રહેતા **શ્રીમતી કૃપાલીબેન** તથા **શ્રી રાહુલભાઈ અનિલકુમાર શાહ**ના સુપુત્ર છે. આટલી નાની વયે મેળવેલ ઝળહળતી સફળતા બદલ સંસ્થા તેમને અભિનંદન આપી ઉત્તરોત્તર ઉન્નતિના નવા શિખરો સર કરે તેવી શુભેચ્છા પાઠવે છે.


## શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.)-૩૮૪૨૬૫ ● ફોનઃ(02766)220203

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

કાર્યાલય :મે. પ્રવીણચંદ્ર ઍન્ડ કું., ૨૧, ભાંગવાડી શોપિંગ આર્કેડ, કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૨. ફોનઃ૬૬૩૧૭૮૯૦-૯૯. મો.:૯૮૨૧૦૧૨૫૧૮.

અબોલ, અપંગ, આપાદગ્રસ્ત પશુઓની નિષ્ઠાપૂર્વક સેવા થાય, મૃત્યુની અંતિમ પળોએ આવા જીવોને સમાધિ અપાય ત્યારે તેમના હૈયાના અતલ ઊંડાણમાંથી આશીર્વાદની ધારા, આંખોમાં ડોકાતી પ્રેમની અમૃતધારા અને આર્તધ્યાનમાંથી બચી શૂન્યભાવનાની અંતિમ પળો પામી બંધાતા શુભ આયુષ્ય કર્મના કારણે થતી પૂણ્યની લાગણીથી સેવા કરનાર કે દાતા બની જીવનદાતા બનનાર વ્યક્તિ કે સંસ્થા સ્વ તથા પર કલ્યાણના ભોક્તા બને છે.

● પરિવારમાં જન્મદિનને બનાવો અમારો અભયદિન
● લગ્નોત્સવને બનાવો અમારો જીવનોત્સવ
● સ્વજનના મૃત્યુનો શોક અભયદાનના બળે હળવો બનાવો
● અસહ્ય વેદનામાંથી પશુઓના પ્રાણ ઉગારો
● આપના શ્રીસંઘના જીવદયાની ટીપમાંથી શ્રી પાંજરાપોળને મહદ ફાળો આપવા વિનંતી
● ધાર્મિક મહોત્સવને જીવદયાનો ઉત્સવ બનાવો
● વિકટ સંજોગોમાં આપના આર્થિક સહયોગની અપેક્ષા !
● પશુરોગ સારવાર અને શસ્ત્રક્રિયા કેમ્પ

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ ૮૦ જી હેઠળ કરવેરામાં રાહતનેપાત્ર છે

● સૌજન્ય : શ્રી નિરંજનભાઈ અમૃતલાલ શાહ ●

advt

### પશુ-પક્ષીઓ માટેની વિવિધ યોજનાઓ

| | | | |
|---|---|---|---|
| કાયમી શેડ ફંડ | રૂા. ૧૦૧૦૦૦ | દૈનિક લાપસી | રૂા. ૨૧૦૦૦ |
| કાયમી નિભાવ ફંડ | રૂા. ૫૧૦૦૦ | દૈનિક ઘાસચારો | રૂા. ૧૫૦૦૦ |
| લાપસી (કાયમી તિથિ) | રૂા. ૩૧૦૦૦ | માસિક દવા ચિકિત્સા | રૂા. ૧૧૦૦૦ |
| આધાર સ્થંભ | રૂા. ૩૧૦૦૦ | કાયમી ઘાસ ફંડ | રૂા.૧૧૦૦૦ |
| | | કાયમી પક્ષી ચણ | રૂા.૫૦૦૦ |

લાભાર્થીના નામ આરસની તક્તી પર લખવામાં આવશે

લાભાર્થીના નામ તિથિને દિવસે બોર્ડ પર લખવામાં આવશે

## ધબકતું શિલ્પ

જાણે અજાણે આ હાથ માટી ગૂંદી રહ્યા છે
એને ઘડવા
આંખો શમણાંઓની હાટ ભરી રહી છે એના
રૂપને અનુપમ કરવા
હું કોઈ ઉત્પત્તિ થયા વગરના અક્ષરોને કાનો–માત્રા
લગાવી અલૌકિક શબ્દની રાહ જોઈ રહી છું
જે નથી તેને જોવા
જે છે છતાંય જોયા વગર રહેલો
જેટલું જોવાય છે છતાંય અધૂરું
તેને અને માત્ર તેને પોકારવા...
રૂપ આકાર બદલતી જાઉં છું
ઘડીક આખુય નષ્ટ કરું
રાત્રે પાછા માટીના ઠીકરાઓ
છેરણ-વેરણ અવયવોના અવશેષોને;
નવપલ્લવિત ભાવનાઓની હથેળીમાં
અશ્રુબિંદુથી મુલાયમ કરી ઘાટ ફરીથી
ઘડું છું
ભાવપ્રતિમા કંડારાતી જાય છે
એજ અભિપ્સા કદાચ દેખાશે
આ યત્નમાં જીનપ્રતિમાનો અંશ
ચિન્મયનો ધબકારો એમાં ધબકે
એવી શિલ્પકલાની દેન દે...
પ્રભુ દેન દે...

**❑ શ્રીમતી ફાલ્ગુની નિમેષ શાહ**

## ‘તો પપ્પા, હવે ફોન મૂકું... ?’

તમને પણ આનંદ આવે તેથી થયું મને કે
ISD અથવા STDની ડાળથી ટહૂકું...
તમે તો,
દીકરી આવી ત્યારે પણ રાખી હતી બહુ ઉજાણી
પણ સાસરિયે ગઈ તો પપ્પાની આંખો બહુ ભીંજાણી...
પપ્પા થાય છે કે તમને ભેટી પડું... !
એક્કે અક્ષર ના બોલું, આંખો પણ હું ના ખોલું
તમે દીધેલી સોનેરી પળને ગદ્‌ગદ્ થઈને સ્મરણ કરું... !
સાચે જ,
બધાની સાથે મોકળા મને ‘‘માતા’’ રડી શકે છે.
પણ રાત્રે તકિયામાં મોઢું છુપાવીને ડૂસકાં ભરે છે
તે પિતા હોય છે.
ક્યારેક;
દાઝી ગયા, ઠેસ વાગી, પડી ગયા કે માર વાગ્યો
ત્યારે તરત જ ‘‘...ઓ...મા...રે... !’’એ
શબ્દો મોઢામાંથી બહાર આવે છે.
પણ રસ્તો ઓળંગતા એકાદ ટ્રક નજીક આવીને જોરથી બ્રેક મારે તો
‘‘...ઓ બાપ રે... !’’ આ જ શબ્દો બહાર પડે છે.
મોટી સમસ્યાઓના વાદળો ઘેરાય ત્યારે પિતા જ યાદ આવે છે... !
છેલ્લે તો,
કવિઓને અને લેખકોને સમજાવો કોઈ રીતે ‘‘મા’’ વિષે તો ઘણું લખાયું, કેમ નહીં ‘પપ્પા’ વિષે ?
તો પપ્પા, હવે ફોન મૂકું... ?

**❑ શ્રી દિપકભાઈ ગુણવંતલાલ શાહ**

## દુઃખદ નિધન

શ્રી પાટણ જૈન મંડળના વ્યવસ્થાપક સમિતિના આજીવન સભાસદ **શ્રી પરેન્દ્રભાઈ મફતલાલ (બાબુભાઈ) શાહ** સી.એ. (ચોધરીની શેરી), હાલ વિલેપાર્લે તા. ૨૧-૦૬-૧૦૧૪ ના દિને ૬૨ વર્ષની વયે શ્રી શંખેશ્વર તીર્થમાં, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદાના દરબારમાં જ એક હાથમાં પૂજાની થાળી અન બીજા હાથમાં નવકારવાળી સાથે અરિહંત શરણ થયા છે. તેઓએ શ્રી શંખેશ્વર તીર્થની લગભગ ૨૨૫ જાત્રાઓ કરી હતી.

તેઓ નવકાર મંત્રના સારા આરાધક હતા. પૂ. સાધ્વીજી ભગવંતે **શ્રી પરેન્દ્રભાઈ**ને પ્રેરણા કરેલી કે દુર્ગતિ અને નરકગતિથી બચવા નવ લાખ નવકાર મહામંત્ર ગણો ત્યારથી તેઓ નવકારમાં ઓતપ્રોત થઈ અને નવ લાખ નવકાર ગણવામાં પૂર્ણતાની આરે હતા. યોગાનુયોગ તેમના જીવનનો અંત પણ નવકારવાળી સાથે શ્રી શંખેશ્વર તીર્થમાં જ આવ્યો. પ્રભુ તેમના આત્માને પરમ શાંતિ આપે.

**❑ શ્રી પાટણ જૈન મંડળ**

## શ્રદ્ધાંજલિ

**સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના !**

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશા શ્રીમાળી | પોળની શેરી | હર્ષાબેન હસમુખલાલ શાહ | ૫૩ | વિલેપારલે–મુંબઈ | ૧૬-૦૬-૨૦૧૪ | જેઠ વદ-૦૪ |
| વિશાશ્રીમાળી | ચોધરીની શેરી | પરેન્દ્રભાઈ મફતલાલ (બાબુભાઈ) શાહ | ૬૨ | વિલેપારલે–મુંબઈ | ૨૧-૦૬-૨૦૧૪ | જેઠ વદ-૦૯ |
| દશા ઓસવાલ | કોકાનો પાડો | સુશીલાબેન ચંદ્રકાંતભાઈ મહેતા | ૯૧ | સી.પી. ટેન્ક–મુંબઈ | ૨૧-૦૬-૨૦૧૪ | જેઠ વદ-૦૯ |
| દશાશ્રીમાળી | કેશુશેઠનો પાડો | કલાબેન મહેશભાઈ શાહ* | ૭૦ | વિલેપારલે–મુંબઈ | ૨૯-૦૬-૨૦૧૪ | અષાઢ સુદ-૦૨ |
| દશાશ્રીમાળી | ખેજડાનો પાડો | ભાનુભાઈ વાડીલાલ શાહ | ૮૧ | મરીનડ્રાઈવ–મુંબઈ | ૦૭-૦૭-૨૦૧૪ | અષાઢ સુદ-૦૯ |
| દશા ઓસવાલ | તંબોલી વાડો | શારદાબેન સારાભાઈ શાહ | ૯૦ | ગોરેગામ–મુંબઈ | ૦૯-૦૭-૨૦૧૪ | અષાઢ સુદ-૧૨ |

***ચક્ષુદાન કરેલ છે. ✷દેહદાન કરેલ છે ● યુવાનીમાં રક્તદાન ● મૃત્યુ બાદ ચક્ષુદાન ● ત્વચાદાન ● અંગદાન ** દેહદાન કરો અને કરાવો**

# સાભાર–સ્વીકાર

### અતિથિગૃહ નૂતનીકરણ યોજના-૨૦૧૪ ભેટ

૧૫૦૦૦૦ શ્રી કુસુમચંદ્ર ડાહ્યાભાઈ શાહ (કેશુશેઠનો પાડો)
હસ્તે : શ્રીમતી પલ્લવીબેન શરદભાઈ શાહ

૧૫૦૦૦૦ શ્રી નરેશભાઈ નવનીતલાલ શાહ (ભાભાનો પાડા

### મેડિકલ કોરપસ ફંડ અને સિનીયર સીટીઝન ફંડ

૧૦૦૦૦૦ સ્વ. શ્રી નેમચંદભાઈ મોહનલાલ શાહની સ્મૃતિમાં (વખતજીની શેરી)
હસ્તે : શ્રી વિનોદભાઈ નેમચંદ શાહ

### વિકલાંગ ઉત્કર્ષ તથા મેડિકલ કોરપસ ફંડ

૫૦૦૦૦ શ્રીમતી વીરમતીબેન નવીનચંદ્ર જેશીંગલાલ શાહ
શ્રી અક્ષયભાઈ નવીનચંદ્ર શાહના સ્મરણાર્થે (કપૂર મહેતાનો પાડો)
હસ્તે : શ્રીમતી રશ્મિબેન અશોકભાઈ શાહ (વખતજીની શેરી)

### સિધ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ

૫૧૦૦૦ શ્રીમતી કિરણબેન વિનોદભાઈ શાહ
સ્વ. શ્રી વિનોદભાઈ હીરાલાલ શાહ (લાદીવાળા)ના સ્મરણાર્થે (કનાસાનો પાડો)

૫૧૦૦૦ પાટણ ઢંઢેરવાડામાં સમ્યગ્ સાધના ઉપાશ્રયની શ્રાવિકા બહેનોએ એકત્રિત કરેલ જ્ઞાનનિધિની ઉપજમાંથી
પૂ. સાધ્વીશ્રી અમીતાશ્રીજીની પ્રેરણાથી

૩૧૦૦૦ શ્રીમતી પુષ્પાબેન સેવંતીલાલ શાહ (ડંક મહેતાનો પાડો)
જેઠ વદ-૧૧ની પુણ્યતિથિ નિમિત્તે

### વિકલાંગ ઉત્કર્ષ ફંડ

૨૫૦૦૦ શ્રીમતી હીનાબેન યશમુખભાઈ ડાહ્યાભાઈ શાહ (માટલીવાળા) (કનાસાનો પાડો)
ચિ. અંકીતને ડાઈસ (પાસાં) ભેગા કરવા લીમ્કા બુક ઑફ રેકોર્ડઝ-૨૦૧૪માં સ્થાન મળ્યું તેની ખુશાલીમાં.

# તેજસ્વી વિદ્યાર્થીઓનું અભિવાદન

એસ.એસ.સી., એચ.એસ.સી., કૉલેજ લેવલ, ડિગ્રી ડિપ્લોમા કોર્સ તેમ જ અનેક શૈક્ષણિક ક્ષેત્રોમાંથી સમાજના વિદ્યાર્થી ભાઈ-બહેનો તેમની વાર્ષિક પરીક્ષામાં ઉચ્ચ સ્તરના ગુણાંક મેળવીને ગૌરવપ્રદ સિદ્ધિ હાંસલ કરી છે તેમને મંડળ તરફથી પારિતોષિક તથા મેરિટ સર્ટિફિકેટ એનાયત કરી દર વર્ષે અભિવાદન કરવામાં આવે છે. સદરહુ પારિતોષિક મેળવવા માટે વિદ્યાર્થીએ સંસ્થાએ નિયત કરેલું અરજીપત્રક ભરવાનું હોય છે. જેની સાથે છેલ્લી વાર્ષિક પરીક્ષાના માર્કશીટની ઝેરોક્ષ કોપી બીડવાની હોય છે. તે મુજબ સદરહુ પ્રાઈઝ મેળવવા અંગેનું અરજીપત્રક સંસ્થાના મુખ્ય કાર્યાલયમાંથી મેળવી સંપૂર્ણ વિગતોસહ ભરી **તા. ૩૧-૦૮-૨૦૧૪ સુધીમાં મોકલવી આપવા વિનંતી.**

**નોંધ :** કાર્યાલય ખાતે ભરાઈને આવેલ અરજીપત્રક મુજબ જ ગુણવત્તાના ધોરણે પ્રાઈઝ એનાયત કરવામાં આવશે.

### શ્રી પાટણ જૈન મંડળ પ્રોગ્રામ સમિતિ આયોજિત

# શ્રી પોપટલાલ ભીખાચંદ ઝવેરી સ્મૃતિ વ્યાખ્યાન

મેઘાગમનની સાથે મનશુદ્ધિ પર્વનો અવસર દર વર્ષે આવે છે જેમાં જપ-તપ-ધર્મારાધના કરી અંતરને નિર્મળ બનાવાય છે. ચાલુ સાલે પણ ચાતુર્માસ દરમ્યાન સમકિત જ્ઞાન શ્રવણ કરી આત્મશુદ્ધિ કરી શકાશે. આવા મંગલમય અવસરે ભક્તિ સંગીત તથા વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ છે. આપ સૌને પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

શુક્રવાર તા. ૧૫-૮-૨૦૧૪ : સવારે ૯-૦૦ કલાકે
ભક્તિસંગીત : **શ્રી શ્રેયાંસભાઈ અને સાથી વૃંદ**
વ્યાખ્યાન : સવારે ૧૦-૩૦ કલાકે
સ્થળ : **શ્રી પાટણ જૈન મંડળ સભાગૃહ**
૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ,
મુંબઈ-૪૦૦૦૨૦.

❑ **પ્રોગ્રામ સમિતિ**

# સિધ્ધહેમ જ્ઞાનપીઠ – પાટણ

### સાધુ–સાધ્વીજી ભગવંતો અને મુમુક્ષુઓને શ્રુતજ્ઞાન પ્રદાન માટે આર્થિક સહયોગ આપનાર મહાનુભાવો

- શ્રી રમણલાલ શાહ (પ્રદીપકુમાર એન્ડ કાું.) રિલીજીયસ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)
- શ્રી કેશવલાલ કીલાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)
- મે. કે. સેવંતીલાલ એન્ડ કાું. (ચિતારાની ખડકી)
- મે. મિલન જ્વેલર્સ (ઝવેરી વાડો)
- શ્રી ચિરાગભાઈ દિનેશભાઈ શાંતિલાલ શાહ (બ્રાહ્મણ વાડો)
- શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ (ડંક મહેતાનો પાડો)
- શ્રી યશવંતભાઈ હરિલાલ ઝવેરી (બ્રાહ્મણ વાડો)
- શ્રી મહાસુખલાલ પોપટલાલ શાહ (વાસુપૂજ્યની શેરી)
- શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)
- શ્રી વિમલનાથ જૈન આરાધક સંઘ (વાલકેશ્વર)
- શ્રી જવાહર નગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ (ગોરેગામ)
- શ્રી શિરીષભાઈ રસિકલાલ શાહ પરિવાર (ઝવેરીવાડો) કલકત્તા
- સ્વ. શ્રી વિનોદભાઈ હીરાલાલ શાહ (લાદીવાળા) (કનાસાનો પાડો)
- સમ્યગ્ સાધના ઉપાશ્રયની શ્રાવિકા બહેનો તરફથી (ઢંઢેરવાડો)
- શ્રીમતી દમયંતીબેન મંગળભાઈ શાહ (લખિયાર વાડો)
- શ્રીમતી પુષ્પાબેન સેવંતીલાલ શાહ (ડંક મહેતાનો પાડો)
- શ્રી પ્રમોદભાઈ મણિલાલ શાહ (ખેતરવસી)

**વિવિધ સંઘોના ટ્રસ્ટીઓને આગ્રહભરી વિનંતી આપના જ્ઞાન ખાતાના ફંડમાંથી સિધ્ધહેમ જ્ઞાનપીઠ માટે દાન આવકાર્ય**

PATAN PRATIBIMB ● JULY 2014 ● PRICE Rs. 2/- ● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th & 26th of every month. Regd. No. MH / MR/ South–135 / 2012–14
Published on 15th of every month

# SHREE PATAN JAIN MANDAL

## SAMAJ VIKAS FUND

### MEDICINE (DAWA) SAHAY YOJNA & PUBLIC HEALTH CARE CENTRE FUND

SHRI PRAVINCHANDRA KESARICHAND SHAH — Rs. 1.01 CRORE
BY SHRI TUSHARBHAI AND SHRI JAYESHBHAI [Dhandherwado]

### EDUCATION SAHAY CORPUS FUND

SEVANTILAL KANTILAL TRUST — Rs. 80 LACS

### SAMAJ VIKAS CORPUS FUND

SMT MINABEN & SHRI NITINBHAI JAYANTILAL GABHRUCHAND SHAH & FAMILY USA (Khetarvasi) — Rs. 54 LACS

- Smt. Subhadraben Ramanlal Shah Charitable Trust, Kumbharia Pado
- Shri Mafatlal Chudghar Charitable Trust, Chodhrini Sheri
- Babu Panalal Poonamchand Charitable Trust, Khajurino Pado
- Babu Saheb Nanakchandji Pooranchandji Trust, Khajurino Pado
- Babu Jivanlal Panalal Trust, Khajurino Pado
- Smt. Gunvantiben Pravinchandra Keshrichand Shah, Dhandhervado
- Late Shri Pramodbhai Bhogilal Jhaveri (Sayba), (Chodhrini Sheri) By : Smt. Maltiben, Smt. Falguniben & Shri Devangbhai Jhaveri
- Smt. Kusumben Rasiklal Himatlal Shah, Dank Mahetano Pado By : Shrimati Kalpnaben, Shrimati Ashaben, Shrimati Meetaben
- Smt. Hansaben Rameshchandra Popatlal Shah, By : Shri Jitenbhai, Kanasano Pado
- Shri Harsukhlal Bapulal Shah and Shrimati Rasilaben Harsukhlal Shah, By : Shri Nirmalbhai, Shri Anilbhai, Shri Jayeshbhai & Shri Shirishbhai, Lakhiyar Vado/Kanasano Pado
- Smt. Nirmalaben Ravindrabhai Mohanlal Shah, Khajurino Pado
- Smt. Hasumatiben Rameshchandra Bapulal Shah, By : Shrimati Moniakben Sanjaybhai Shah, Dank Mahetano Pado
- Smt. Gulabben Ramanlal Shah, Vakhatjini Sheri By : Shri Hitenbhai Pravinchandra Shah
- Shri Rameshchandra Chhabildas Zaveri, Manmohanjini Sheri
- Shri Virendrabhai Popatlal Shah, Mallatno Pado
- Shri Maulikkumar, Divyabalaben, Navinbhai Shah, Pole ni Sheri
- Shri Deepakbhai Champaklal Jhaveri (Manmohanjini Sheri)By: AashishJhaveri
- Shri Kirtilal Somchand Shah, Kokano Pado
- Smt. Vasumatiben Sevantilal Shah, Chitarani Khadki
- Smt. Premlataben & Shri Pratapbhai Punamchand Jaswa (Kasumbia Vado)
- Smt. Lilavatiben Panalal Manilal Shah, Vasavado
- Smt. Hansaben Manaharlal Keshavlal Shah, Lahiarvado
- Late Shri Balubhai Chhotalal Shah, By : Smt. Hansaben, Khadakhotdi no Pado
- Shri Sureshbhai Chimanlal Choksi, Zaveri Vado
- Shri Rakeshbhai Kantilal Shah-Chowpatty. In Memory of Smt. Geetaben Rakeshbhai Shah
- Late Shri Sevantilal Chhaganlal Shah By: Shri Sharadbhai and Shri Harshadbhai (Tamboli Vado)
- A Well-Wisher
- Shri Shirishbhai Mafatlal Shah, Panchoti Pado
- Smt. Manjulaben Dilipbhai Mohanlal Hemchand Shah, Marfatia Mehtano Pado

## REVOLVING FUND : Target Rs. 5 Crores

### To provide interest free Educational Loan

| DONOR | Donation In 5 Yrs. |
|---|---|
| **Smt. Subhadraben Ramanlal Popatlal Shah,** Kumbhariya Pado | Rs. 25 Lakhs |
| **Smt. Bhagwatiben Vinodbhai Matlivala,** Kanasano Pado by Shri Daneshbhai, Shri Bhagyeshbhai, Shri Sukeshbhai, Shri Dhirenbhai | Rs. 25 Lakhs |
| **Babu Panalal Punamchand Charitable Fund,** Khajurino Pado | Rs. 15 Lakhs |
| **Late Smt. Kamalaben & Shri Kantilal Prabhudas Jhaveri** (Dhandher Vado) By Shri Samir Chandrakant Jhaveri | Rs. 11 Lakhs |
| **Dr. Mahendrabhai Chandulal Shah & Dr. Lilaben M. Shah,USA (Lakhiar Wado)** | Rs. 10 Lakhs |
| **Late Smt. Jasudben Jamnadas Jhaveri & Late Jamnadas Umedchand Jhaveri (Dhandher Wado)** By Late Saraswatiben Jamnadas Jhaveri through her will | Rs. 10 Lakhs |
| **Smt. Kanchanben Kantilal Jhaveri** (Maniyati Pado) by Smt. Neenaben, Smt. Kalpanaben. | Rs. 5 Lakhs |
| **Shri Keshavlal Kilachand Charitable Trust Kumbharia Pado** | Rs. 5 Lakhs |
| **Smt. Gulabben Chimanlal Valamji Choksi** By Smt. Vinaben Sureshbhai Choksi (Zaveri Vado) | Rs. 5 Lakhs |
| **Dr. Smt. Kunjbalaben & Dr. Vijaybhai Jayantilal Patni** (Manmohanji ni Sheri) | Rs. 5 Lakhs |
| **Smt. RohinibenVikrambhai Shah**(Dank Mehtano Pado) (In her Memory) By Shri Ronakbhai, Smt. Darshnaben, Shri Shrenikbhai & Smt. Komalben | Rs. 5 Lakhs |
| **Late Smt. Kusumben Vrajlal Shah & Vrajlal Jesinglal Shah** (Jafujiwala) (Tamboli Vado) | Rs. 5 Lakhs |
| **Late Smt. Vasumatiben Fakirchand Shah** By Shri Samir Fakirchand Shah (Chodhrini Sheri) | Rs. 5 Lakhs |
| **Late Shri Vinodbhai Hiralal Shah (Ladiwala)** By Smt. Kiranben&ShriPranaybhai(Kanasano Pado) | Rs. 5 Lakhs |
| **Smt. Taraben Sevantilal Nathalal Khandwala** (Keshu Sheth no pado) By Shri Kandarpbhai | Rs. 12 Lakhs |

## MEMORIAL FUND

| NAME OF THE DONOR | DONATION |
|---|---|
| ● Smt. Pannaben Kapoorchandbhai Sonawala, Manmohanjini Sheri | Rs. 8 Crores |
| ● Smt. Nirmalaben (Deviben), Shamlaji ni Sheri. In memory of Late Shri Dhirajlal Popatlal Shah | Rs. 10 Lakhs |

The donors donating in **MEMORIAL FUND** through their will – it can be utilised for special activities of the **MANDAL**

TO,

Edited,Printed & Published by MAHENDRA NEMCHAND SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.